જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૪-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વહેલી સવારે ચાર વાગ્યે દુર્ઘટના ઘટી,પૂર્વઆયોજીત કાવતરું હોવાની સંભાવના, ૨૪ લોકો ગંભીર રીતે ઘાયલ

બિહારમાં સીમાંચલ એક્સપ્રેસનાં ૯ ડબ્બા ખડી પડ્યા: ૭નાં મોત

બિહારના જોગબનીથી દિલ્હીના આનંદ વિહાર તરફ જતી ટ્રેન સહાદાઈ બુઝુર્ગમાં પાટા પરથી ખડી પડી,દુર્ઘટના સ્થળે પાટા તૂટેલા હોવાનું જાણવા મળ્યુ

પટના

સીમાંચલ એક્સપ્રેસનાં ૯ ડબ્બા બિહારનાં વૈશાલી જિલ્લામાં પાટા પરથી ઉતરી ગયા હતા. આ ટ્રેન દિલ્હીથી આવી રહી હતી. રવિવારે સવારે ૩.૫૨ કલાકે સહદેઈ બુજુર્ગમાં સર્જાયેલી આ દુર્ઘટનામાં ૭ લોકોનાં મોત થયા હતા. પૂર્વ મધ્ય રેલવેનાં પ્રવક્તા રાજેશ કુમારે જણાવ્યું કે, જનરલનો એક કોચ, એસી ક્લાસનો એક B3,s9, s10,અને ચાર અન્ય કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. રેલવે કહ્યું કે, આ ટ્રેન દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયા હતા. આ ઉપરાંત ૨૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટના આજે વહેલી સવારે લગભગ ૩.૫૮ વાગ્યે થઈ હતી.



બિહારના જોગબનીથી દિલ્હીના આનંદ વિહાર તરફ જતી જોગબની-આનંદ વિહાર ટર્મિનલ સીમાંચલ એક્સપ્રેસ બિહારના હાજીપુર નજીકના સહાદાઈ બુઝુર્ગમાં પાટા પરથી ખડી પડી હતી. ટ્રેન મેહનાર રોડ સ્ટેશનેથી પસાર થયા બાદ દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટના સ્થળે પાટા તૂટેલા હોવાનું માલૂમ પડ્યું હતું. ટ્રેનના ત્રણ સ્લીપર કોચ – S8, S9, S10, એક જનરલ ડબ્બો અને એક AC B3 ડબ્બો પાટા પરથી ખડી પડ્યા હતા.



દુર્ઘટનાની જાણ થયા બાદ તરત જ ડોક્ટરોની એક ટૂકડી ત્યાં પહોંચી ગઈ હતી. બચાવ તથા રાહત કામગીરી હાથ ધરવા માટે એક અકસ્માત રાહત ટ્રેનને પણ ત્યાં મોકલવામાં આવી હતી.

રેલવે પ્રધાન પીયૂષ ગોયલે ખાતરી આપી છે કે દુર્ઘટના સ્થળે બચાવ અને રાહત કામગીરી પૂર જોશમાં ચાલુ છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી દુ: વ્યક્ત કર્યું હતું તો બીજી બાજુ બિહારનાં મુખ્ય પ્રધાન નીતિશ કુમારે દુર્ઘટના અંગે દુ:ખ અને આઘાતની લાગણી વ્યક્ત કરી છે.

અગાઉ શુક્રવારે રાજસ્થાનના જયપુરમાં દયોદય એક્સપ્રેસના કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. દયોદય એક્સપ્રેસને તે સમયે અકસ્માત નડ્યો, જ્યારે ટ્રેન જબલપુરથી અજમેર જઇ રહી હતી. આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા હતા, જેમણે તાત્કાલિક મહાત્મા ગાંધી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

લોકસભા ચૂંટણી: ભાજપે ભારત કે મન કી બાત કેમ્પેનની શરુઆત કરી

અમે સાધુ-સંતોની સાથે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનાવીશું: અમિત શાહ

ન્યુ દિલ્હી

આગામી લોકસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી (BJP)ના અધ્યક્ષ અમિત શાહ અને ગૃહ મંત્રી રાજનાથખ સિંહે 'ભારત કે મન કી બાત' કેમ્પેનની શરૂઆત કરી. આ કેમ્પેનની મદદથી પાર્ટીના લોકોની સલાહ લઈને સંકલ્પ પત્ર તૈયાર કરવામાં આવશે. આ પ્રસંગે રામ મંદિર પર બોલતા અમિત શાહે કહ્યુ કે, ''કોર્ટની અંદર લાબી ચર્ચા છે, તેમ છતાં ૧૯૯૩માં જે જમીનને અધિગૃહિત કરવામાં આવી છે, તે ભૂમિમાં ભાજપ સરકાર રામ જન્મભૂમિ ટ્રસ્ટીને પરત આપવાનો નિર્ણય કર્યો છે. આ એક ઐતિહાસિક પગલુ છે અને હું વિપક્ષની પાર્ટીઓને કહેવા માંગુ છુ કે, તેઓ મુશ્કેલીઓ ઉભી ના કરે. અમે સાધુ-સંતો સાથે છીએ અને અયોધ્યમાં ભવ્ય રામ મંદિર બનાવીશું.'' આ પહેલા ભાજપના અધ્યક્ષે જણાવ્યુ કે, ''૨૦૧૪ પહેલા દેશની શું સ્થિતિ છે અને ૨૦૧૪ના પછી શું સ્થિતિ છે. ૨૦૧૪ પહેલા દેશની અંદર લોકતંત્રમાં ઘણા ભાગમાં આસ્થાને ડગમગાવવામાં આવી હતી. ૩૦ વર્ષ સુધી ગઠબંધનની સરકારની સમય રહ્યો. દેશના મોટાભાગના લોકોને લાગ્યુ કે, અમારી સંસદીય પ્રણાણી કામ કરી શકશે કે નહીં. અમારી સંસદીય પ્રણાલી દેશને વિશ્વમાં ઉચિત સ્થાન અપાવશે, તેવી ૨૦૧૪ સુધી આશંકા હતી.''

વડાપ્રધાને લેહ એરપોર્ટની નવી ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો

૨૦૧૯ની ચૂંટણી જીતવા તરફ ઈશારો: આપના આશિર્વાદથી લોકાર્પણ કરવા પણ હું જ આવીશ

લેહ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારનાં રોજ જમ્મુ-કશ્મીરનાં લેહ પહોંચ્યાં. રાજ્યમાં રાજ્યપાલ શાસન લાગ્યાં બાદ પ્રધાનમંત્રીની આ પહેલી યાત્રા છે. પીએમ મોદીએ લેહ એરપોર્ટની નવી ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો. શિલાન્યાસ કરતા પીએમએ કાર્યક્રમમાં હાજર લોકોને એમ જણાવ્યું કે, શિલાન્યાસ મેં કર્યો છે તો આપનાં આશિર્વાદ મળશે તો લોકાર્પણ કરવા પણ હુંજ આવીશ. મોદીનો સીધો જ ઇશારો ૨૦૧૯ની લોકસભા ચૂંટણી જીતવા તરફ હતો. પીએમ મોદીએ જણાવ્યું કે, 'ત્રણ દશક પહેલાં આ એરપોર્ટની જે બિલ્ડિંગ બનાવવામાં આવી હતી, સમયની સાથે તે આધુનિકીકરણ તરફ ધ્યાન આપવામાં ના આવ્યું. આજે નવી ટર્મિનલ બિલ્ડીંગનો શિલાન્યાસ થયો છે અને ખૂબ જલ્દી જ લોકાર્પણ પણ કરવામાં આવશે. હું આપને વિશ્વાસ અપાવું છું, જે યોજનાનો શિલાન્યાસ કર્યો હતો તેનું આજે લોકાર્પણ કર્યું છે. આજે જેનો શિલાન્યાસ કરી રહ્યો છું, તેનું લોકાર્પણ કરવા માટે પણ હું જ આવીશ.' તેઓએ કહ્યું કે, લેહ-લદ્દાખ અને કારગિલનાં વિકાસમાં કેન્દ્ર સરકાર કોઇ જ કસર નહીં રાખે. પીએમ મોદીએ કહ્યું કે, 'હું દેશનો એવો પ્રધાનમંત્રી છું કે જે ભારતનાં દરેક ખૂણામાં ભટકીને આવ્યો છું. અધિકારીઓ પાસેથી ઝીણવટભરેલી માહિતી પણ જાણી લઉં છું પરંતુ મને અનુભવ રહે છે.'

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત

રૂપિયા ૫૦૦૦/- (+ટેક્ષ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : 7575006850

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શક Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્દઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે થિયો વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાફ્રસાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઇન્સેન્ટીવથી ભરેલી રકમ રૂપિયા ૬ગમ મુજબ ચૂકેલ સભ્યપદમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ઇલેક્ટ્રીક ગોપક પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીરકાવનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
માત્રીના ૧૭૫૦/- (સોટો જોડવી ૬પવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે રાફ્રસાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજ ગણા વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી ૬પવી)
આપનો કોડ ત્રીજ ગણા વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે રાફ્રસાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

પક્ષ પલટો કરવો એ સામાન્ય થઈ ગયું છે, ભાગેડુ ધારાસભ્યો દિવસે ને દિવસે વધી રહ્યાં છે

ઊંઝા વિધાનસભા ના ધારાસભ્ય આશાબેન પટેલ એ રાજીનામું આપી દીધું એ વાત ને આમ આદમી પાર્ટી કડક ભાષા માં વખોડી નાખે છે સાથે સાથે ભોળી જનતાનેઅંધારામાં રાખનાર આશાબેન પટેલ પોતનો રાજકીય રોટલો શેકવા નો જે પ્લાન ઘડ્યો છે એને આમ આદમી પાર્ટી કયારેય ઉજાગર કરવા નહી દે .

આમ આદમી પાટી નક્કી કર્યું છે જે જે જગ્યા ઉપર ધારાસભ્ય , સંસદ સભ્ય કે કોઈ પણ ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના રાજકીય રોટલો શેકવા રાજીનામું આપશે તેવી દરેક બેઠક ઉપર આમ આદમી પાટી ચૂંટણી લડશે .અને આ પ્રકારની ઘટના ના બને એ માટે ઉદાહરણ પૂરું પાડશે.

ઊંઝા બેઠક ઉપર પેટા ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી નક્કી કર્યું છે.

ઊંઝા ના લોકો ને ન્યાય અપાવવા માટે ગુજરાત ના તમામ આમ આદમી પાર્ટી ના કાર્યકર્તાઓ એકત્રિત થઈને મજબૂતાઈ થી ચૂંટણી લડશે અને ઉમેદવાર ને જીત ના લક્ષ સુધી પહોંચાડશે .

ઊંઝા માં આમ આદમી પાર્ટી ગત વિધાનસભા પણ ખૂબ માજબૂતાઈ થી લડી હતી પરંતુ આમ આદમી ના ખોટા લેટરપેડ બનાવી કૉંગ્રેસે અનેઆશાબેન લાભ લીધો હતો જેની પોલીસ ફરિયાદ આશાબેન વિરૂદ્ધ કરી હતી અને ચૂંટણી આયોગ માં કરી હતી અને અમને ન્યાય તંત્ર ઉપર આશા છેકે એનો ચુકાદો પણ અમારા પક્ષ માં આવશે .

કૉંગ્રેસ ના નેતા તોડવા અને ભાજપ માં જોડવા આ એક સામાન્ય રમત બનાવી દીધી છે આથી આમ આદમી પાટી ચૂંટણી આયોગ માં આવેદનપત્ર આગામી ૪ તારીખે આપશે અને નીચે મુજબ ની માંગણી કરશે .

૧. જે મત વિસ્તારમાંથી ચૂંટાયે પ્રતિનિધિ રાજીનામું આપેતો ચુંટણી સમય એ થયેલ (સરકારી તિજોરી નો) ખર્ચ ભાગેડુ પાસે થી વસુલ કરવામાં આવે .

૨. ભાગેડુ નેતા આગામી ૧૦ વર્ષ સુધી બીજી કોઈ ચૂંટણી લડી ના શકે તેવો નિયમ બનાવવા માં આવે .

ઊંઝા માં પેટા ચૂંટણી ની તૈયારી આમ આદમી પાર્ટી આ માહિના થીજ કરશે અને આ માટેની બેઠક ૭ તારીખે ઊંઝા માં કરવામાં આવશે.

પાલીતાણા તાલુકાના સમસ્ત રાજપૂત સમાજ દ્વારા કલેકટર ને આવેદનપત્ર આપવામા આવ્યું



થોડા દિવસ પૂર્વ ભાવનગર મા રાજપૂત સમાજના યુવાનની કરપીણ હત્યા કરી નાખવામા આવી હતી જેના હત્યારા આજદિન સુધી પકડવામા નથી આવ્યા જેને લઈને આવેદન પત્ર આપી રજૂઆત કરવામા આવી હતી . ૧૦ દિવસ મા હત્યારો ને પકડવામા નહીં આવે તો આંદોલન ની ચીમકી રાજપૂત સમાજે ઉચ્ચારી છે

હળવદ તાલુકા ના મયુરનગર ગામ ખાતે ૨ ગૌવંશ પર અસામાજિક તત્વો નો હિંચકારી હુમલો

જીવદયા પ્રેમીસઓ માં રોષ ની લાગણી ફેલાઇ. છેલ્લા એક માસમાં છ થી વધુ ગૌવંશ પર હુમલો થતાં જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી તંત્ર દ્વારા કોઈ ન કર પગલા ન લેવાતા આવારા તત્વોને મોકળુ મેદાન જીવદયા પ્રેમીઓ માં રોષ લાગણી

હળવદ તાલુકા માં છેલ્લા એક મહિના થી વિવિધ ગામો માં ગૌવશ પર હુમલાઓ કરી ઈજાઓ પહોંચાડી દેવાની ઘટનાઓ ઘટી રહી છે ત્યારે આજે સવારે હળવદ તાલુકા ના મયુરનગર ગમે ૨ ગૌવંશ પર કોઈ અસામાજિક તત્વો એ ધારદાર હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી છે એ વાત ની જાણ ગૌસેવકો ને થતા તાત્કાલિક પશુ ડોકટર ને બોલાવી અને સારવાર આપવામાં આવી હતી અને વધુ સારવાર માટે મોરબી શ્રી યદુનંદન ગૌશાળા એ રીફર કરવા માટે ની કાર્યવાહી હાથ ધરી છે અને પોલીસ ને પણ જાણ કરવામાં આવી છે ત્યારે હળવદ તાલુકા માં છાસવારે ગૌમાતા અને ગૌવંશ પર થતા હુમલાઓ થી જીવદયા પ્રેમીઓ માં ભારે રોષ ની લાગણી ફેલાઇ છે ત્યારે હળવદ પી.આઈ ને જાણ કરતા બીટ જમાદાર હરેશભાઇ ચાવડા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ અને તાપસ ના ચક્રો ગતિમાન કર્યા છે આ મામલે પોલીસ રસ લઈને આ કામ ના આરોપી ને પકડી કાયદા નું ભાન કરાવે તેવી લોકો અને જીવદયા પ્રેમીઓ ની માંગ છે

બોટાદ જિલ્લા એસ.પી.હર્ષદ મહેતા દ્વારા ૧૦૦ પોલીસકર્મીઓની બદલી

આગામી લોકસભાની ચુંટણી હવે નજીક છે જેને લઈને દરેક રાજકીય પક્ષોએ ચુંટણીમાં વિજયી બનવા માટે વ્યુહ રચના તૈયાર કરવામાં લાગી ગયા છે તો બીજી બાજુ શનિવારના રોજ બોટાદ જિલ્લામાં ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓની એકાએક બદલી કરાતા પોલીસ બેડામાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક શરૂ થયા છે.પ્રાપ્ત માહીતી મુજબ ચુંટણીને અનુલક્ષી બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા બોટાદ જિલ્લાના બોટાદ, બરવાળા, રાણપુર, ગઢડા, ઢસા, પાળીયાદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૦૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલોની જિલ્લામાં જ બદલી કરવામાં આવી છે

અરવલ્લી એલ.સી.બી એ શામળાજીમાં ટ્રકમાંથી ૨૮.૨૯ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવેનો ઉપયોગ કરી બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા એલ.સી.બી ઈન્ચાર્જ પી.આઈ સોલંકી અને તેમની ટીમે શામળાજી નજીક આવેલા નાપડા ગામ નજીકથી પસાર થતી ટ્રકને અટકાવી ટ્રકમાંથી વિદેશી દારૂ રૂ.૨૮૨૯૬૦૦નો જથ્થો જમ કરી કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લા એલ.સી.બી પોલીસે શુક્રવારે રાત્રીના સુમારે શામળાજી નજીક આવેલા નાપડા ગામની સીમમાં ખાનગી હોટેલ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથધરતા પોલીસ ચેકિંગ જોઈ રોડ નજીક ટ્રક (ગાડી.નં.છઁ ૨૯છ ૭૯૯૭) મૂકી ટ્રક ચાલક ફરાર થઈ જતા પોલીસે ટ્રકમાં તલાસી હાથધરતાં ટ્રકમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટી નંગ-૫૬૭ કિં.રૂ.૨૮૨૯૬૦૦નો જથ્થો જમ કરી ટ્રકમાંથી મળેલ મોબાઈલ-૧ કિં.રૂ.૫૦૦ તથા ટ્રકની કિં.રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૩૮૩૦૧૦૦નો મુદ્દામાલ જમ કરી આગળની તપાસ શામળાજી પોલીસને સોંપતા શામળાજી પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

એકે રોડ ઝડફીયા સર્કલ પર સોરઠના સિંહનું સ્કલ્પચરને મુકવાની માંગણી

કોર્પોરેટર દિનેશ કાછડીયાએ રજૂ કરેલી માંગણી

સુરત

વરાછા શ્યામધામ ચોક અને એસવીએનઆઈટી સર્કલ ખાતે સોરઠ ગીર સિંહ સ્કલ્પચરને અશ્વનીકુમાર રોડ ઝડફીયા સર્કલ ખાતે પણ પ્રસ્થાપિત કરવા બાબતે વરાછા ઝોનલ ચીફ સમક્ષ કોર્પોરેટર દિનેશભાઈ કાછડીયાએ લેખિત માંગણી રજૂ કરી જણાવ્યું છે કે, મહાનગરપાલિકા દ્વારા ગુજરાત ગૌરવ એવા સોરઠના સિંહની ૪૦ ટન લોખંડના હાથી જેવા ગીરના બબ્બર સિંહની હાથથી બનાવેલ સિંહના સ્કલ્પચરને વરાછા રોડ શ્યામધામ ચોક અને એસવીએનઆઈટી સર્કલ ખાતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ જ પ્રકારના સિંહના સ્કલપ્ચરને અશ્વનીકુમાર રોડ ઝડફીયા સર્કલ ખાતે પણ પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી કરવા મારી આ વિસ્તારના લોકો વતી લાગણી અને માંગણી છે.

કારણ કે, આ સમગ્ર વિસ્તારમાં ૯૦ ટકા નાગરિકો સોરઠની ધરા વસેલા છે, તેઓ સોરઠના આ બબ્બર સિંહ સાથે ખૂબ જ ભાવનાત્મક રીતે જોડાયેલા છે, આ બબ્બર સિંહ કદી સોરઠની ધરા પર તે સોરઠના ખેડૂતો અને નાગરિકો સાથે હિંસાત્મક વલણ અપનાવતો નથી અને સદાય સોરઠની ધરાને ઉજ્જવળ રાખવા માટે આ ગબ્બર સિંહ કાર્યરત રહેતો હોય છે. જે એક નિર્વિવાદ સત્ય હકીકત ચે જેને કદી વિસારી શકાય તેમ નથી. મહાનગરપાલિકાની આ કામગીરી ખૂબ જ આવકારદાયક છે. આ માંગણી લક્ષમાં લઈને આપ દ્વારા આ કામગીરી કરનારા લાગત વિભાગ સાથે લેખિત સંકલન કરીને, ભલામણ પાઠવીને આ વિસ્તારના સૌરાષ્ટ્રના નાગરિકોને સોરઠના સિંહ સાથેની તેની કૌટુંબિક ભાવનાને ઉજાગર કરવા સારૂં સોરઠના ગબ્બર સિંહના ૪૦ ટન લોખંડના હાથી જેવા સ્કલ્પચરને અશ્વનીકુમાર રોડ ઝડફીયા સર્કલ ખાતે પ્રસ્થાપિત કરાવવા વિનંતી કરવામાં આવી છે.

વિદ્યાર્થીએ સુસાઈડ નોટ લખી,આચાર્ય સામે ફરિયાદ દાખલ

સામૂહિક દુષ્કર્મનો ભોગ બનેલ પીડિતાએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી

પાટણ

પાટણ જિલ્લાના સાંતલપુરમાં શાળાના વર્ગખંડમાં યુવતી શાળાના આચાર્ય સહિત અન્ય લોકો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. જોકે, આ પીડિયાએ આઘાતમાં આવીને પોતાનું જીવન ટૂંકાવાનો પ્રયત્ન કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના જારુસા ગામમાં જારુસા પ્રાથમિક શાળાના વર્ગખંડમાં યુવતી સાથે શાળાના આચાર્ય સહિત અન્ય લોકો દ્વારા સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનામાં આચાર્યની પત્નીની મદદગારીથી પરિણીતા ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.જોકે ઘટનાના આઘાતમાં સરી પડેલી પરિણીતાએ આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ અંગે આચાર્ય સહિત અન્ય વ્યક્તિ સામે સામૂહિક દુષ્કર્મની ફરિયાદ નોંધાવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, થોડા મહિનાઓ પહેલા પાટણ જીલ્લાના રાધનપુરમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીએ આજે આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વિદ્યાર્થીનીએ શિક્ષક દ્વારા વારંવાર બિભત્સ માંગણી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરતી સુસાઈડ નોટ લખી પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો છે.

વિદ્યાર્થીએ પોતાની સુસાઈડ નોટમાં લખ્યું છે, મારી સ્કુલના શિક્ષક હિરેન પંડ્યા જે વારંવાર મને તેની સાથે પ્રેમ સંબંધ બનાવવા માટે માનસિક ટોર્ચર કરતા હતા, મને જબરદસ્તી એક મોબાઈલ આપ્યો હતો, અને કહેતા કે મારી સાથે આખો દિવસ વાત કરવાની, એક દિવસ તો શિક્ષક ઘરમાં કોઈ ન હતું તેનો લાભ લઈ ઘરમાં ઘુસી આવ્યો હતો, અને તેની સાથે જબરદસ્તી પણ કરી હોવાનો વિદ્યાર્થીનીએ આક્ષેપ કર્યો છે. તેણે સુસાઈડ નોટમાં સ્પષ્ટ કહ્યું છે કે, મારા મોત માટે હિરેન પંડ્યા જવાબદાર છે, તેને જરૂરથી સજા અપાવજો. હાલમાં પોલીસે શિક્ષકની અટકાયત કરી પુછપરછ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે ૪ શખ્સોની ધરપકડ કરી

એટીએમ-ડેબિટ કાર્ડથી છેતરપિંડી કરતી ટોળકી અંતે પોલીસના સકંજામાં

જામનગર

જામનગરમાં ઠારી ઓનલાઈન છેતરપિંડી કરતી ટોળકીને પોલીસે ઝડપી પાડી છે. આ ટોળકીએ ૬ લોકો સાથે છેતરપિંડી કરીને ૫ લાખ રૂપિયા ઉપાડ્યા હતા. જેની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ જામનગરમાં છેલ્લા ઘણા સમયથી ઓનલાઈન છેતરપિંડીની ઘટના સામે આવી રહી હતી.

આ આરોપીઓ ATM-ડેબિટ કાર્ડથી લોકો સાથે છેતરપિંડી કરતા હતા. સાયબર સેલમાં આ મામલે ફરિયાદ થઈ હતી. સાયબર સેલે ફરિયાદના આધારે ૪ શખ્સોની ધરપકડ કરી છે. આ દરમિયાન પોલીસને ૧ લાખ રૂપિયા રોકડા, 15 ATM, લેપટોપ સહિતનો મુદામાલ મળી આવ્યો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથધરી છે.

છેલ્લા કેટલાક સમયગાળાથી ઓનલાઈન છેતરપિંડીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે, ફેક કોલના માધ્યમથી લોકોના ATM-ડેબિટ કાર્ડની વિગતો મેળવીને નાણાની ચોરી કરતી ગેંગ ઠેર-ઠેર સક્રિય થતાં પોલીસ પણ વધુ સક્રિય બની છે. આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતી ગેંગને ઝડપી લેવા સર્ચ ઓપરેશન હાથ ધર્યા છે ત્યારે જામનગરમાંથી ગતરોજ એક ટોળકીને દબોચી લીધી હતી. આ શખ્સો ATM-ડેબિટ કાર્ડ દ્વારા લોકો સાથે છેતરપિંડી કરતા હતા.

એક બાળકને બચાવાયુ,સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો

વિસાવદરના જેતલવડ ગામે માતાએ ૪ બાળકો સાથે કૂવામાં ઝંપલાવ્યું, ચારના મોત

જૂનાગઢ

વિસાવદરના જેતલવડ ગામે ચારણ પરિવારની મહિલા જીવુબેન કાળુભાઈ વિરમએ પોતાની બે પુત્રી જાનવી અને હેત્વી તથા બે પુત્રો કરણ અને રાજુ સાથે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ઝંપલાવ્યું હતું. જેમાં માતા જીવુબેન, જાનવી, હેત્વી અને કરણનું મોત નીપજ્યું છે. જ્યારે સાત વર્ષના રાજુને બચાવી લેવાયો છે. તેને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. ઘટનાને પગલે વિસાવદર પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

માતાએ ૪ બાળકો સાથે જેતલવડથી લાલપુરના રસ્તે ૭૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કૂવામાં કૂદીને આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતા ૧૦૮ અને પોલીસ તેમજ ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા. ઘટનાને પગલે ગ્રામજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ગૃહકંકાસને કારણે આવું પગલું ભર્યાનું બહાર આવ્યું છે. જીવુબેને પહેલા પોતાના બે પુત્રો અને બે પુત્રીને ફેંકી બાદમાં પોતે કૂવામાં કૂદી હતી. આથી વિસાવદર પોલીસે માતા પર ૩૦૨નો ગુનો નોંધી પરિવારજનોના નિવેદનો લેવાની તજવીજ હાથ ધરી છે.

ઘટના અંગે જૂનાગઢના એસપી સૌરભસિંઘે જણાવ્યું હતું કે, પટેલની વાડીમાં આવેલા કૂવામાં માતાએ ચાર બાળકો સાથે ઝંપલાવ્યું છે. એક બાળક જીવિત છે અને તેની હાલત નાજુક છે. તેને સારવાર માટે જૂનાગઢ ખસેડાયો છે. તે ભાનમાં આવશે તો તેનું નિવેદન લઈશું અને આખી ઘટના વિશે જાણીશું. આપઘાત કરવાના ઈરાદે જ તેઓએ કૂવામાં ઝંપલાવ્યાનું હાલ પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. વધુ તપાસ ચાલી રહી છે.

અમદાવાદમાં માનવતસ્કરીનો પર્દાફાશઃ માયા નામની મહિલાની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ પોલીસે ધરપકડ કરેલી એક મહિલાએ ૫૦ મહિલાઓને મહારાષ્ટ્રમાં વેંચી હોવાની ચોંકવનારી વિગતો આવી છે. આ ઘટનાના પગલે અમદાવાદ પોલીસને માનવ તસ્કરીના કૌભાંડને પકડવામાં સફળતા મળી છે. અમદાવાદ શહેર પોલીસના ઝોન ૬એ એક ઓપરેશનમાં માયા નામની મહિલાની ધરપકડ કરી છે.

પોલીસ હાલમાં માયાની પૂછપરછ કરી રહી છે. માયાની ધરપકડ બાદ ખુલાસો થયો છે કે આ કૌભાંડ અંતર્ગત ૫૦ જેટલી છોકરીઓને મહારાષ્ટ્રમાં વેંચી હતી. પોલીસને શંકા છે કે વર્ષ ૨૦૧૪માં કાગદાપીઠમાંથી ગુમ થયેલી બાળકીને પણ માયાએ જ વેચી હશે. હાલમાં પોલીસ સઘન પૂછપરછ કરી રહી છે.

તેમની સામે ઉચાપતનો ગુનો નોંધાતા પોલીસબેડામાં ચકચાર મચી

ભાવનગરમાં લેડી સિંઘમ તરીકે પ્રખ્યાત પીઆઈ જે.એમ.ચાવડાને સસ્પેન્ડ કરાયા

ભાવનગર

શહેરમાં લેડી સિંઘમ તરીકે પ્રખ્યાત થયેલાં ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા PI જે.એમ.ચાવડા સામે ઉચાપતનો ગુનો દાખલ થતાં સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી છે આ ગુન્હામાં મહિલા પોલીસ અધિકારીની ધરપકડ કરાયા બાદ આજે તેને સસ્પેન્ડ કરાયા છે. ઉલ્લેખનિય છે કે, મહિલા PI સામે ૬૪૦૦ રૂપિયાની ઉચાપતની ફરિયાદ નોંધાઈ છે. ભાવનગરનો ભરતનગર વિસ્તાર કે જે ગુન્હાખોરીનું હબ ગણાય છે. અહીં સતત બનતા ગંભીર ગુન્હાઓને લઈ રાજ્યના ગૃહ વિભાગને અહીં પોલીસ સ્ટેશન કાર્યરત કરવાની ફરજ પડી હતી તેમાં પ્રથમ મહિલા પોલીસ ઈન્સપેકટર તરીકે નિયુક્ત થઈ ગુન્હેગારોમાં લેડી સિંઘમ જેવી નામના મેળવી હતી. કાયદા પાલનના આગ્રહી એવા ભરતનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેક્ટર જે.એમ.ચાવડા ટ્રાફિકના નિયમોને ભંગ કરનારને મેમો આપી દંડ વસુલ કરતાં હતા.

ખેતરમાં રમતી પાંચ વર્ષની બાળકી ઉપર દીપડાએ હુમલો કર્યો

ગીર સોમનાથ

ગીર સોમનાથના ઉનાના નવી વાજડી ગામમાં ૫ વર્ષની બાળકી ઉપર દીપડાએ હુમલો કર્યાની ઘટના બની હતી. જેના પગલે ઘાયલ બાળકીને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાળકી ઉપર દીપડાના હુમલાની ઘટનાએ ગામ લોકોમાં ભયનો માહોલ ફેલાવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવી વાજડી ગામાં લખાભાઈ ટાંકના ખેતરમાં પાંચ વર્ષની દીકરી રમી રહી હતી. ત્યારે દીપડાએ અચાનક તેના ઉપર હુમલો કર્યો હતો. અને જોકે લોકોએ તેને દીપડાના ચંગૂલમાંથી છોડાવી હતી.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકીને પ્રથમ સરકારી હોસ્પિટલમાંસારવાર આપ્યા બાદ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પેટ્રોલપંપ માત્ર ઓફિસરને, જવાનને કેમ નહીં? સુપ્રીમ કોર્ટે માગ્યો જવાબ

ન્યુ દિલ્હી

કોકો પેટ્રોલ પંપની સુવિધા મળે તો માત્ર ઓફિસરોને, પબ્લિક સેક્ટરની કંપનીઓમાં સુરક્ષાનો કોન્ટ્રાક્ટ મળે તો એક ઓફિસરને. ત્યાં સુધી કે કોલસાનું લોડિંગ અને તેના ટ્રાન્સપોર્ટનો કોન્ટ્રાક્ટ પણ પણ સેનાના રીટાયર્ડ ઓફિસરને આપવામાં આવતો નથી. સેનાના રીટાયર્ડ જવાનને ક્યાંય કોઈ પ્રાથમિકતા આપવામાં આવતી નથી.

વોઈસ ઓફ એક્સ સર્વિસમેન સોસાયટીના નેશનલ કોઓર્ડિનેટર વીર બહાદુરસિંહે આ વાત કહી છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી બાદ મીડિયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે સૈનિક પુનર્વાસ વિભાગ દ્વારા ૧૯૮૭માં જાહેર થયેલા આદેશને નજરઅંદાજ કરવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે એક નોટિસ જાહેર કરતાં સરકાર પાસેથી જવાબ માગ્યો છે કે જવાનોને આ પ્રકારની સુવિધાઓનો લાભ શા માટે આપવામાં નથી આવતો.

જ્યારે આદેશમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે આ સુવિધાઓનો લાભ એક્સ સર્વિસમેનને આપવામાં આવશે. ઓફિસર અને જવાનનો કોઈ ભેદ નહી રહે. પરંતુ આની અવગણના કરતા રોજગારનો લાભ માત્ર રીટાયર્ડ ઓફિસરોને આપવામાં આવી રહ્યો છે.





વડાપ્રધાને કાશ્મીરમાં લેહ યુનિ અને એરપોર્ટ સહિત અનેક યોજનાઓને ખૂલ્લી મૂકી જમ્મુમાં જનસભા સંબોધી

બજેટ સાંભળી વિપક્ષના નેતાઓના હોશ ઉડી ગયાઃ પીએમ મોદી

શ્રીનગર

આજે સવારથી વડા પ્રધાન મોદી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે છે. આ મુલાકાતમાં વડા પ્રધાન મોદીએ સવારે લેહ યૂનિવર્સિટીનું ખાતમુહૂર્ત કર્યું હતું ત્યારબાદ લેહ એરપોર્ટ સહિત અનેક યોજનાઓને ખુલ્લી મૂકી હતી. બપોરે જમ્મુમાં એક રેલીમાં રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા જણાવ્યું હતું, પરમદિવસે જ્યારે અમારા નાણા મંત્રી બજેટ સંભળાવી રહ્યાં હતા ત્યારે વિપક્ષનો ચહેરો ઉતરી ગયો હતો. તેમનો હોંશ ઉડી ગયો હતો. કેન્દ્ર સરકારે હમેશા કાશ્મીરી પંડિતોના અધિકારોનું સન્માન કર્યું. તેમની પીડા દેશની જનતા ક્યારેય ભૂલી શકે તમે નથી. કાશ્મીરી પંડિતો સાથે અન્યાય કરનારને દેશની જનતા માફ નહી કરે.



વડા પ્રધાન કોંગ્રેસ પર કટાક્ષ કરતા જણાવ્યું હતું, કોંગ્રેસ ખેડૂતોના નામે હંમેશા દલાલોના ખિસ્સા ભરતી આવી છે. ખેડૂતોની દેવા માફીની તેમની પડી નથી. દેવા માફીના નામે કોંગ્રેસે દલાલોને જ સમૃદ્ધ કર્યા છે. કોંગ્રેસે વર્ષ ૨૦૦૮માં ચૂંટણી જીતવા માટે ખેડૂતોના કરજની માફીની જાહેરાત કરી હતી. એ વખતે દેશના ખેડૂતો માથે ૬ લાખ કરોડનું દેવું હતું, જ્યારે કોંગ્રેસે ફક્ત ૫૨ હજાર કરોડ રૂપિયાનું દેવું જ માફ કર્યુ હતું. 'એવો તે કયો પંજો હતો જે ખજાનો ખાલી કરી ગયો. તેમના ચૂંટણી બલૂનની હવા નીકળી ગઈ છે.'

સેના અને બોર્ડર સિક્યોરિટીના મુદ્દે વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું, હું દરેક શીદ પરિવારોને વિશ્વાસ અપાવું છું કે દેશની આ સરકાર દરેક ડગલે તમારી સાથે ઊભી છે.

પ્રિયંકા ગાંધી પર વિવાદાસ્પદ નિવેદન કરનાર નેતાઓ સામે આજે બધા રાજ્યોમાં FIR નોંધાશે

ન્યુ દિલ્હી

પ્રિયંકા ગાંધી પર રોજબરોજ થઈ રહેલ રાજકીય હુમલાઓએ હવે વ્યક્તિગત રુપ લઈ લીધું છે. જેના વિરોધમાં રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસે મોટા પાયે અભિયાન છેડી દીધું છે. રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસ અધ્યક્ષ સુષ્મિતા દેવે આ મામલે જણાવ્યું હતું કે, દેશની રાજનીતિમાં મહિલાઓની સંખ્યા ઓછી છે, જે મહિલાઓ રાજનીતિમાં આવી રહી છે તેમની વિરુદ્ધ અન્ય રાજકીય દળો વિવાદાસ્પદ ટિપ્પણીઓ અને નિવેદન કરી રહ્યા છે. સુષ્મિતા દેવનું માનીએ તો રાજકીય પાર્ટીઓને લાગેછેકે વ્યક્તિગત હુમલા થવાથી મહિલાઓ રાજનીતિમાં આવતી નથી. સુષ્મિતા દેવે જણાવ્યું કે, મહિલાઓ પર રાજકીય ન નહી પરંતુ ખૂબ જ વ્યક્તિગત ટિપ્પણીઓ પણ કરવામાં આવેછે, જેનો શિકાર ખુદ પ્રિયંકા ગાંધી પણ બન્યા છે. તેમના મુજબ પ્રિયંકા વિરુદ્ધ સોશિઅલ મીડિયા પર ચાલી રહેલ ડર્ટી કેમ્પેનને મહિલા કોંગ્રેસે ગંભીરતાથી લીધું છે. જે હેઠળ મહિલા કોંગ્રેસ સોમવારે દિલ્હીના એ તમામ નેતાઓ વિરુદ્ધ FIR નોંધાવશે, જેમણે પ્રિયંકા ગાંધી વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન કર્યા છે. સુષ્મિતા દેવે જણાવ્યું કે, તેઓ જાતે જ દિલ્હીમાં ફ્રૈંઇ નોંધાવશે અને અન્ય રાજ્યોમાં મહિલા કોંગ્રેસ અધ્યક્ષ તેમના વિસ્તારમાં FIR નોંધાવશે. મહિલા કોંગ્રેસ મુજબ આ લડાઇ માત્ર પ્રિયંકા ગાંધી માટે નથી, પરંતુ રાજનીતિમાં આવનાર દરેક મહિલા માટે છે.

આપ સાથે યુતિની શક્યતા નકારી કાઢી

કોંગ્રેસ દિલ્હીમાં લોકસભાની બધી બેઠક પરથી લડશેઃ શીલા દીક્ષિત

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં દિલ્હી એકમનાં વડાં શીલા દીક્ષિતે દિલ્હીના શાસક આમ આદમી પક્ષ (આપ)ની સાથે યુતિ કરવાની શક્યતા નકારી કાઢી હતી અને જણાવ્યું હતું કે કોંગ્રેસ દિલ્હીમાંથી લોકસભાની બધી (સાતે) બેઠક પરથી પોતાના ઉમેદવાર ઊભા રાખશે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં જીતી શકે એવા ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. શીલા દીક્ષિતે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે અમારા પક્ષના ઉમેદવારોમાં નવા અને જૂના ચહેરાઓ એમ બન્નેનો સમાવેશ થશે. અમુક ભૂતપૂર્વ વિધાનસભ્યને પક્ષના ઉમેદવાર તરીકે ઊભા રાખીશું. દીક્ષિતે આમ આદમી પક્ષ અને કોંગ્રેસની દિલ્હીમાં યુતિની શક્યતા સ્પષ્ટ શબ્દોમાં નકારી કાઢી હતી. દરમિયાન, આમ આદમી પક્ષે દિલ્હી, પંજાબ અને હરિયાણાની ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઊભા રાખવાની જાહેરાત તાજેતરમાં કરી હતી. દિલ્હીનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શીલા દીક્ષિતે જણાવ્યું હતું કે અમારો પક્ષ દિલ્હીમાં લોકસભાની સાતે બેઠક પરથી ચૂંટણી લડશે. સંભવિત ઉમેદવારોના નામો પક્ષની કેન્દ્રીય નેતાગીરીને મોકલાશે અને તે અંતિમ નિર્ણય લેશે.

રણચંડીના રૂપ સમાન 'આશાપુરા' ઉપર મને હજુય આશા છે : પરેશ ધાનાણીનું ટ્વિટ

ગાંધીનગર

લોકસભાની ચૂંટણી પહેલા ઊંઝા કોંગ્રેસનાં ધારાસભ્ય ડો. આશાબહેન પટેલે રાજીનામું આપતા રાજકારણ ગરમાઈ ગયું છે. આશાબહેને ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષને પોતાનું રાજીનામું આપ્યું છે. જેના આધારે કારણે અનેક અટકણો ચર્ચાઈ રહી છે. લોકોનું માનવું છે કે તેઓ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ જશે. હાલ તો આવી ચર્ચાઓ જ સામે આવી રહી છે. સાચું કારણ તો તેઓ જ્યારે સામે આવશે ત્યારે જ ખબર પડી શકે છે. આ સાથે વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ ટ્વીટ કર્યું છે. જેનાથી ગુજરાતનું રાજકારણ ફરી ગરમાયું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પરેશ ધાનાણીએ ટ્વીટમાં લખ્યું છે કે, સ્વાર્થ જીતશે કે સ્વાભિમાન રણચંડીના રૂપ સમાન ×આશાપુરા× ઉપર મને હજુય આશા છે... જનાદેશનો ઉલાળિયો કરીને નવરા થઈ ગયેલાં નેતાઓની નાતમાં વધુ એકનો ઉમેરો કરવાની ભાજપાની આશા ઠગારી નિવડે એવી અપેક્ષા.! જય જય ગરવી ગુજરાત...

ઉલ્લેખનીય છે કે, ઊંઝાના કોંગ્રેસના ધારાસભ્ય ડો. આશાબેન પટેલે શનિવારે પોતાના ધારાસભ્ય પદ ઉપર રાજીનામું આપ્યું હતું. ડો. આશાબેન પટેલે ગુજરાત વિધાનસભા અધ્યક્ષના નિવાસસ્થાને જઇ રાજીનામું આપ્યું હતું.

.....

આશાબેનને મનાવવા માટે વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને સહિત અન્ય પાટીદાર નેતાઓને જવાબદારી સોંપી હતી. આશાબેનને મનાવવા માટે પરેશ ધાનાણી,અલ્પેશ ઠાકર સહિત પાટીદાર નેતાઓને જવાબદારી સોંપાઈ છે. આશા પટેલને ભાજપમાં જોડાતા રોકવા હાઈકમાન્ડે તેમને સંગઠનમાં સ્થાન આપવાની તમામ વાતોને મંજૂર કરી છે. આશાબેનને મનાવવા મોડીરાત સુધી વાતાઘાટો ચાલી હતી.



તંત્રી સ્થાનેથી...

ફિટ રહેવાના પ્રયાસો

આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરતા રહે છે. આના માટે જંગી ખર્ચ પણ કરવામાં આવે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઈએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જ્યારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઈએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જ્યારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઈ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે. કારણ કે વધારે પ્રમાણમાં ોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઈ જાય છે. ખોરાકી ઝેરની અસર થઈ શકે છે. તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઈબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઈબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઈબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઈએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઈ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઈ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે. જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઈમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે

ભુખ કરતા ખુબ ઓછા પ્રમાણમાં ભોજન લેવાની ટેવ રાહત અને ફિટનેસ આપે છે

હાલમાં કરાયેલા રસપ્રદ અભ્યાસ બાદ તારણ

સેક્સી પાર્ટનર રાખવાનો ક્રેઝ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દરેક વ્યક્તિ સેક્સી પાર્ટનર ઈચ્છે છે પરંતુ આ બાબતનો સ્વીકાર કરવામાં ખચતાટ અનુભવ કરવામાં આવે છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે વ્યક્તિ આ વાત કોઈને કરતી નથી. નોર્થ વેસ્ટન યુનિવર્સિટી અને ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીના સંશોધકોએ વ્યાપક અભ્યાસ બાદ શોધી કાઢ્યું છે કે લોકો સામાન્ય રીતે એવી વાત કરતા રહે છે કે તેઓ બુદ્ધિશાળી પાર્ટનર ઈચ્છે છે અને જેના પર વિશ્વાસ કરી શકાય અને જેની સાથે તે સાનુકૂળ રીતે સમય પસાર કરી શકે પરંતુ આવી વાત તમામ લોકોના મનમાં કેટલી ભાવનાઓ છૂપાયેલી છે. તમામ લોકો સેક્સી અને આકર્ષક પાર્ટનરની શોધમાં હોય છે. આ શોધમાં જાણવા મળ્યું છે કે આ નિયમ પુરુષો અને મહિલાઓ બંને માટે એક સમાન છે. સંશોધકોને એવું પણ જાણવા મળ્યું છે કે દરેક વ્યક્તિ શારીરિક રીતે આકર્ષણને મહત્વ આપે છે. લાઈવ સાયન્સના શોધના પ્રમુખ ઈલી ફ્રિનકેને કહ્યું છે કે સામાન્ય રીતે ભાવના જુદી હોય છે પરંતુ સામાન્ય રીતે લોકોને રોમેન્ટીક સાથીઓ વધુ પસંદ પડે છે. આ અભ્યાસના તારણને મહત્વપૂર્ણ ઘણવામાં આવે છે. કારણ કે અગાઉ પણ આ બાબતને સમર્થન મળી ચૂક્યું છે કે મોટાભાગે યુવક-યુવતીઓને આકર્ષક અને સેક્સી પાર્ટનર પસંદ પડે છે. નોર્થ વેસ્ટન યુનિવર્સિટી અને ટેક્સાસ યુનિવર્સિટીના સંશોધકોની ટીમે ઘણા લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરી હતી જેમાં સ્પષ્ટ તારણો જાણવા મળ્યા છે. વાસ્તવિકતા એ છે કે દરેક યુવક યુવતીને સેક્સી પાર્ટનરની ઈચ્છા હોય છે. આ બાબત હવે સંશોધકો પણ કરી રહ્યા છે. આના માટે કોઈ નક્કર કારણ આપવામાં આવ્યું નથી. આ બાબત આકર્ષણ સાથે સીધી રીતે જોડાયેલી છે.

લોકસભા ચૂંટણી : મોદી અને અમિત શાહે તમામ તાકાત લગાવી...

બંગાળ : મમતાને હચમચાવવા તૈયારી

પશ્ચિમ બંગાળ પણ આ વખતે લોકસભાની ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થનાર છે. પશ્ચિમ બંગાળમાં મમતાને જોરદાર ટક્કર આપવા અને તેમના પ્રભુત્વને ખતમ કરવા માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આક્રમક રણનિતી સાથે આગળ વધી રહ્યા છે. તેમની વચ્ચે આ વખતે મુખ્ય સ્પર્ધા થનાર છે. મમતાની સામે છેલ્લી ચૂંટણી જેવો દેખાવ કરવા માટે પડકાર રહેલો છે. કારણ કે અમિત શાહ અને મોદીએ બંગાળમાં ઉલ્લેખનીય સફળતા હાંસલ કરવા માટે વિવિધ પહેલ કરી છે. ભાજપની જે રીતે લોકોમાં અહીં લોકપ્રિયતા વધી રહ છે તે જોતા મમતાની સામે આ વખતે મુશ્કેલી રહેલી છે. ફિલ્મ સ્ટારો અનવે પક્ષ પલટુ લોકોની મદદથી બંગાળમાં જીત મેળવવા માટે ભાજપે જોરદાર તૈયારી શરૂ કરી છે. પશ્ચિમ બંગાળના પ્રવેશદ્વાર તરીકે આસનસોલને ગણવામાં આવે છે. બંગાળમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાય વચ્ચે ખેંચતાણ વધી છે. આ ખેંચતાણ વધવા માટેના કેટલાક કારણ રહેલા છે. આસનસોલમાં બિહારી લોકોના પ્રભુત્વને જોઈ શકાય છે. તૃણમુળ કોંગ્રેસના મજબુત કિલ્લામાં ગાબડા પાડવા માટે ભાજપ સજ્જ છે. તૃણમુળના મજબુત ગઠ વચ્ચે સ્થિત આસનસોલ લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત થઈ હતી. અહીં ભાજપે જીત મેળવી રાજકીય પંડિતોની ગણતરીને ઉંધી કરી દીધી હતી. આ જીતના કારણે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં સ્થિતી બદલાઈ ગઈ છે. બંગાળી લોકો અને બિહારી વચ્ચે ખીણ ઉંડી થઈ છે. તૃણમુળ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે હાલમાં તલવારો ખેંચાઈ ગઈ છે. તલવાર એટલી હદ સુધી ખેંચાઈ ગઈ છે કે સામાન્ય વ્યક્તિ બંને પાર્ટીના સંબંધમાં કોઈ ટિપ્પણી કરતા પહેલા વિચારી લે છે અને જોઈ લે છે કે ટિપ્પણી કરતા પહેલા કોઈ ખતરો તો જાનને નથી. આસનસોલથી થઈને જ્યારે દુર્ગાપુર તરફ જઈએ છીએ ત્યારે ચારેબાજુ મમતાના બેનરો લાગેલા રહે છે. ટ્રાફિક પોલીસ હોય કે પછી પાલિકા પ્રચાર હોય ચારેબાજુ મમતા બેનર્જીના પોસ્ટર જોઈ શકાય છે. મમતાના માધ્યમથી જ સરકારી કર્મચારીઓ તેમની વાતો રજૂ કરે છે. આ પ્રચારની રણનિતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કેન્દ્રમાં રાખીને અપનાવવામાં આવી રહી છે. રાજકીય ટિકાકાર દેવેન્દ્ર શુક્લાનુ કહેવુ છે કે ભાજપે આ ટેકનિક મમતાની પાસેથી જ શિખી છે. આસનસોલની આસપાસની વર્ધમાન, પૂર્વ વર્ધમાન, દુર્ગ, પુરુલિયા, બાંકુરા, વિષ્ણુપુર, બોલપુર અને બીરપુરમાં તૃણમુળ કોંગ્રેસ પ્રભુત્વ ધરાવે છે. કોંગ્રેસ પાર્ટી તો મેદાનમાં જ દેખાતી નથી. એમ કહી શકાય છે કે તૃણમુળ કોંગ્રેસે કોંગ્રેસ પાર્ટીની જગ્યા લઈ લીધી છે. ડાબેરીઓની હાલત તો ખુબ કફોડી બનેલી છે. આસનસોલ અને દુર્ગાપુર સીટ પર કારખાનાના કારણે બિહાર અને ઝારખંડથી આવેલા મતદારો વધારે નોંધાયેલા છે. દુર્ગાપુરના લોકો કહે છે કે આસનસોલ અને દુર્ગાપુરમાં તો બિહારી મતદારો જે ઈચ્છશે તે જ થશે. તે બંગાળી માનુષની ઈચ્છાની વિરુદ્ધમાં મતદાન કરનાર છે. વર્ષ ૨૦૧૪માં બાબુલ સુપ્રિયોની જીત થઈ હતી. બાબુલ સુપ્રિયો સાંસદ તરીકે આસનસોલના મજદુરોની વચ્ચે ખુબ લોકપ્રિય છે. દુર્ગાપુરમાં ભાજપ છેલ્લી ચૂંટણીમાં ત્રીજા સ્થાને રહ્યા બાદ આ વખતે પૂર્ણ તાકાત લગાવી દેવામાં આવી છે. ભાજપના લોકો કહે છે કે આ વખતે તૈયારી જોરદાર રીતે ચાલી રહી છે. તમામ બુથસ્તર પર વાતચીત ચાલી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા મોટી જવાબદારી સોંપવામાં આવી છે. બીરભુ અને બાંકુરામાં પણ ભારતીય જનતા પાર્ટી તેની સ્થિતીને મજબુત કરવામાં લાગેલી છે. બીરભુમમાં પંચાયત ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો દેખાવ જોરદાર રહ્યો હતો. લોકસભામાં પણ શાનદાર દેખાવ કરી શકે છે. એમ માનવામાં આવે છે કે ભાજપ મૌસમી ચેટર્જીને બીરભુમમાંથી ઉમેદવાર બનાવી શકે છે. બાકુરામાં ટીવી સ્ટાર લોકેટ ચેટર્જીને મેદાનમાં ઉતારી શકે છે. કોંગ્રેસ પાર્ટી અને ડાબેરીઓની હાલત કફોડી બનેલી છે ત્યારે ભાજપ જોરદાર લાભ લેવા માટે તૈયાર છે. આની સાબિતી મળી ગઈ છે. કારણ કે અમિત શાહ અને મોદી ઝંઝાવતી પ્રચાર કરવાની તૈયારી કરી ચુક્યા છે.




અમિત શાહ અને મોદી મમતાના ગઢમાં ગાબડા પાડવા મેદાનમાં ઉતર્યા : પ્રચારની જોરદાર શરૂઆત : ફિલ્મ સ્ટારો, અસંતુષ્ટોની મદદ લેવાશે

શાનદાર રીતે બજેટ રજૂ કરીને પોતાની કુશળતા સાબિત કરી બતાવી

પિયુષ ગોયલની ચારેબાજુ પ્રશંસા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે પોતાની વર્તમાન અવધિનુ અંતિમ વચગાળાનુ બજેટ શુક્રવારના દિવસે રજૂ કરી દીધુ હતુ. બજેટમાં મધ્યમ વર્ગ માટે એકબાજુ ટેક્સ છુટછાટની અવધિ વધારીને સીધી રીતે ૨.૫ લાખથી વધારીને પાંચ લાખ કરવામાં આવી ચુકી છે. ખેડુતો અને મહિલાઓ તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો માટે પણ બજેટમાં અનેક પગલા લેવામાં આવ્યા છે. અરૂણ જેટલી સારવારના ભાગરૂપે અમેરિકા ગયેલા છે ત્યારે સંસદમાં બજેટ રજૂ કરવાની જવાબદારી કેન્દ્રિય પ્રધાન પિયુષ ગોયલને આપવામાં આવી હતી. ગોયલે આ જવાબદારી શાનદાર રીતે અદા કરીને તમામના મન જીતી લીધા છે. સોશિયલ મિડિયા પર આની સાથે પિયુષ ગોયલની જોરદાર ચર્ચા જોવા મળી રહી છે. તેમની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. ખુબ સરળ અને આક્રમક રીતે ગોયલે બજેટ રજૂ કર્યુ હતુ. અરૂણ જેટલી રજા પર ગયા બાદ રેલવે અને કોલસા વિભાગની જવાબદારી પિયુષ ગોયલને સોંપી દેવામાં આવી છે. મોદી સરકાર માટે આ બજેટ ખુબ ઉપયોગી હતુ. કારણ કે હવે ચૂંટણી પણ યોજાનાર છે. બજેટ લોકલક્ષી રહેશે તે બાબત તો પહેલાથી જ નક્કી હતી. પરંતુ જે રીતે ગોયલે બજેટને રજૂ કર્યુ તેનાથી તમામ લોકો પ્રભાવિત થયા હતા. પિયુષ ગોયલનુ કદ ભાજપના વિશ્વસનીય નેતા તરીકે રહ્યુ છે. તેઓ મોદીના ગુડ્સ બુક્સમાં સૌથી આગળ રહ્યા છે. પિયુષ ગોયલના પિતા વેદ પ્રકાશ પણ ભાજપના શક્તિશાળી નેતા હતા. તેઓ વાજપેયી સરકારમાં પ્રધાન તરીકે હતા. ચનદ્રકાંતા ગોયલ પણ મહારાષ્ટ્રમાં ત્રણ વખત ધારાસભ્ય રહી ચુકી છે. ૫૪ વર્ષીય પિયુષ ગોયલ ગયા વર્ષે મે - ઓગષ્ટના ગાળા દરમિયાન પણ અરૂણ જેટલીની જગ્યાએ નાણાં પ્રધાન તરીકેની જવાબદારી સંભાળતા હતા. એ ળકતે જેટલી કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે રજા પર ગયા હતા. વર્ષ ૨૦૧૪માં કેન્દ્રિય પ્રધાન બન્યા બાદ ગોયલ ભાજપના કોષાઅધ્યક્ષ પણ રહી ચુક્યા છે. પાર્ટી માટે આ હોદ્દો તેમના પિતા પણ સંભાળી ચુક્યા છે. એમ માનવામાં આવે છે કે ગોયલ હજુ પણ પાર્ટી માટે ફંડ એકત્રિત કરવાનુ કામ કરે છે. મોદીના મંત્રાલયમાં તેમની સ્થિતી ખાસ બની જાય છે. તેમની અર્થશાસ્ત્ર અને કાયદા બંને પર પકડ રહેલી છે. એક ચાર્ટર્ડ એકાઉન્ટેન્ટ તરીકે તેઓએ ઓલ ઈન્ડિયા સેકન્ડ રેન્ક હાંસલ કરવામાં સફળતા મેળવી હતી. જ્યારે મુંબઈ યુનિવર્સિટીમાંથી કાયદામાં અભ્યાસ કરીને તેઓટોપ -૨ યુનિવર્સિટી ટોપર રહ્યા હતા. ગોયલ વર્ષ ૨૦૦૧-૨૦૦૪ સુધી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં અને ૨૦૦૨-૨૦૦૪ સુધી બેંક ઓફ વડોદરાના બોર્ડ ઓફ મેમ્બરોરહી ચુક્યા છે. ગોયલ સરકારી કર્મચારીઓ પાસેથી પણ સારી રીતે કામ લેવામાં કુશળતા ધરાવે છે. પિયુષ ગોયલની છાપ એક જવાબદારી વાળા પ્રધાન તરીકેની રહી છે. આ જ કારણસર તેઓ કેટલીક ચાવીરૂપ જવાબદારી અદા કરી રહ્યા છે. જેમાં ભારત સરકારની નદીઓને જોડતી યોજના પણ સામેલ છે. વર્ષ ૨૦૧૬માં ગોયલ રાજ્યસભા સાંસદ બની ગયા હતા. સાથે સાથે ઉપરી ગૃહમાં મહારાષ્ટ્રમાંથી ભાજપના ઉમેદવાર તરીકે પહોંચ્યા હતા. બજેટ પહેલા જ તેમની યુનિવર્સિટી ઓફ પેન્સિલવેન્યા દ્વારા ખાસ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. બજેટ રજૂ કરવાની છટાથી તમામ લોકો પ્રભાવિત થઈ ગયા હતા. મોદી પોતે તેમનો જુસ્સો વધારી દેતા વારંવાર નજેર પડ્યા હતા. મોદી સરકારમાં ફરી એકવાર આત્મવિશ્વાસ જગાવવામાં તેઓ સફળ સાબિત થઈ રહ્યા છે. બજેટમાં દરેક વર્ગને ખુશ કરીને ગોયલે તમામનુ ધ્યાન ખેચ્યુ છે. પિયુષ ગોયલ દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટને ચારેબાજુ પ્રશંસા મળી રહી છે. આગામી દિવસોમાં આ બજેટના સહારે ભારતીય જનતા પાર્ટી હવે ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. તમામ આર્થિક નિષ્ણાંતો પણ ગોયલની પ્રશંસા કર્યા વગર રહી શક્યા નથી. બજેટ જેવા જટિલ વિષયને ગોયલ સરળ રીતે રજૂ કરવામાં સફળ રહ્યા હતા. તેમની એનર્જી પણ જોવા જેવી રહી હતી. ગોયલ ભાજપના હુકમના એક્કા તરીકે સાબિત થઈ શકે છે તેમ પણ કેટલાક માની રહ્યા છે.



ગોયલ સામાન્ય લોકોની સાથે સાથે મોદીના મનને જીતી લેવામાં સફળ રહ્યા : ગોયલ અર્થશાસ્ત્ર અને કાયદામાં બંનેમાં ખુબ કુશળ છે

ભાજપ પોતાની મત હિસ્સેદારીને વધારવા સજ્જ :પશ્ચિમ બંગાળમાં ૪૨ સીટો

છેલ્લી લોકસભા ચૂંટણીની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવે તો મુખ્યપ્રધાન મમતા બેનર્જીના ટીએમસીની સ્થિતી ખુબ મજબુત દેખાય છે. જો કે ત્યારબાદ છેલ્લા સાડા ચાર વર્ષના ગાળામાં સ્થિતી ખુબ બદલાઈ ગઈ છે. બંગાળમાં જે ૪૨ સીટો રહેલી છે તે પૈકી છેલ્લી લોકસભા ચૂંટણીમાં મમતાની પાર્ટી ટીએમસીને ૩૪ સીટો મળી હતી. જ્યારે કોંગ્રેસને ચાર અને ભાજપને બે સીટો મળી હતી. સીપીએમને પણ બે સીટો મળી હતી. ડાબેરીઓ તો હવે બંગાળમાં ધીમે ધીમે ખતમ થઈ રહ્યા છે. કોઈ સમયમાં બંગાળમાં ડાબેરીઓનુ પ્રભુત્વ હતુ. જો કે મમતા બેનર્જીના ઉદય બાદ ડાબેરીઓની હાલત કફોડી બની ગઈ છે. છેલ્લી ચૂંટણીની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં તૃણમુળ કોંગ્રેસની મત હિસ્સેદારી ૩૯.૮ ટકા રહી હતી. કોંગ્રેસની મત હિસ્સેદારી ૯.૭ ટકા રહી હતી. સીપીએમની મતહિસ્સેદારી ૨૩ ટકા રહી હતી. ભાજપની મતહિસ્સેદારી ૧૭ ટકા રહી હતી. જ્યારે અન્ય પાર્ટીઓની મત હિસ્સેદારી ૧૦.૫ ટકા રહી હતી. મત હિસ્સેદારીની દ્રષ્ટિથી પણ જોવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીની સ્થિતી રાજ્યમાં ધીમે ધીમે મજબુત બની રહી છે. ભાજપ પ્રમુખ અમિત શાહ સતત બંગાળમાં ડેરા જમાવી રહ્યા છે. પાર્ટીના કાર્યકરોને સતત માર્ગદર્શન આપી રહ્યા છે. કેટલાક અસંતુષ્ટોને પાર્ટીને લાવવામાં આવ્યા છે. બંગાળમાં લોકપ્રિયતા ધરાવનાર સભ્યોની શોધ ચાલી રહી છે. ખાસ કરીને ફિલ્મી કલાકરો અને સ્પોર્ટસમેનની શોધ ચાલી રહી છે. જેના આધાર પર ભારતીય જનતા પાર્ટી મમતાના ગઢમાં જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. મમતા બેનર્જી હાલમાં જે પ્રકારનુ વલણ અપનાવી રહ્યા છે તેના કારણે સામાન્ય લોકોમાં તેમને લઈને નારાજગી છે. સાથે સાથે જ્યારે લોકસભાની ચૂંટણી આવનાર છે ત્યારે મોદી ઝંઝાવતી પ્રચાર પણ બંગાળમાં કરનાર છે. આવી સ્થિતીમાં આ વખતે મમતા બેનર્જી માટે પડકારો સરળ નથી.

સ્વયં-ઉપચાર અને તેની અસરો

જ્યારે દવાઓ ઉચિત માત્રામાં લેવામાં ન આવે, ત્યારે સ્વયં-ઉપચારનાં જોખમો ઊભા થઈ શકે છે. જ્યારે તમે તમારી રીતે દવાની માત્રા નક્કી કરો છો, ત્યારે તમે વધારે દવાનાં કારણે એકાએક પરિણામ મેળવવાનું પૂરતું જોખમ ધરાવો છો

ડૉક્ટરની સલાહ લીધા વિનાં જ ઘણાં વ્યક્તિઓ બીમારીના લક્ષણોની ઓળખ કરીને આપમેળે દવા લઈને સારવાર શરૂ કરી લે છે, જેને આપણે સ્વયં-ઉપચાર પણ કહી શકીએ. વિશ્વભરમાં મોટાભાગના કિસ્સાઓમાં દર્દીઓ પ્રથમ વિકલ્પ તરીકે સ્વયં-ઉપચારના વિકલ્પને જ અપનાવે છે.

સ્વયં-ઉપચાર ઘણાં પરિબળોથી પ્રભાવિત હોય છે, જેમ કે શિક્ષણ, જાતિ, સામાજિક-આર્થિક પરિસ્થિતિ અને દવાઓની ઉપલબ્ધતા. સૌપ્રથમ, ઘણાં ક્ષેત્રોમાં તબીબી સેવાઓ અને વ્યાવસાયિકો ઉપલબ્ધ ન હોવાથી સ્વયં-ઉપચાર પદ્ધતિને અપનાવવામાં આવે છે. આમાં સ્વાસ્થ્ય સંબંધિત મર્યાદિત સંસાધનો ધરાવતાં તેમજ આર્થિક રીતે ગરીબ દેશોમાં ખર્ચ બચાવવા માટે સ્વયં-ઉપચાર કરવામાં આવે છે.



બીજું, "સ્વયં-ઉપચાર" શબ્દનો ઉપયોગ ઘણી વખત આલ્કોહોલ કે નશીલા દ્રવ્યોનાં સેવન સાથે સંકળાયેલો છે.

જોકે, સ્વયં-ઉપચારનો એક અર્થ અગાઉની બીમારીમાં ડૉક્ટર દ્વારા સૂચવાયેલી અને પછીથી બચેલી દવાનું સેવન કે રોગનાં ચિહ્નોને દૂર કરવા ઓવર-ધ-કાઉન્ટર દવાઓનો ઉપયોગ એવો પણ થાય છે. ઘણી વખત લોકો ડૉક્ટર પાસે જવાનું ટાળવા માટે પણ સ્વયં-ઉપચારનો માર્ગ અપનાવે છે.

સમજદારીપૂર્વકના સ્વયં-ઉપચાર માટે ચોક્કસ સ્તરની જાણકારી અને સ્વાસ્થ્ય સાથે સંબંધિત માહિતી જરૂરી છે. જોકે આ પ્રકારે પણ સ્વયં-ઉપચાર જોખમી જ રહે છે. સામાન્ય રીતે 'ઓવર ધ કાઉન્ટર (ઓટીસી)' સ્વયં-ઉપચાર માટેનું પ્રથમ પગલું છે. ઓટીસીનો અનુચિત ઉપયોગ સ્વાસ્થ્ય પર નુકસાનકારક અસર કે જીવનાં જોખમ તરફ દોરી શકે છે. આનાથી તબીબી સલાહ લેવામાં વિલંબ થવો, અયોગ્ય અને બિનઅસરકારક દવાઓનો ડોઝ લેવો, વ્યક્તિના આરોગ્યની સ્થિતિ કથળવી, આડઅસરો અને દવાનાં રિએક્શનમાં વધારો થવો તથા લાંબા સમય સુધી લેવામાં આવે તો આદત પડી જવાની સંભાવના પેદા થાય છે. સ્વયં-ઉપચાર સાથે સંકળાયેલાં કેટલાંક સ્પષ્ટ જોખમો નીચે મુજબ છેઃ

અયોગ્ય માત્રા

જ્યારે દવાઓ ઉચિત માત્રામાં લેવામાં ન આવે, ત્યારે સ્વયં-ઉપચારનાં જોખમો ઊભા થઈ શકે છે. જ્યારે તમે તમારી રીતે દવાની માત્રા નક્કી કરો છો, ત્યારે તમે વધારે દવાનાં કારણે એકાએક પરિણામ મેળવવાનું પૂરતું જોખમ ધરાવો છો. આનાથી વિપરિત જો તમે ઓછી માત્રામાં દવા લેશો તો તે અસરકારક રહેશે નહીં અને તમે અપેક્ષિત પરિણામ પ્રાપ્ત નહીં કરી શકો અને તમારી બીમારી વધુ ગંભીર બનશે. તેનાં પરિણામે તમારાં રોગનાં ચિહ્નોમાંથી છૂટકારો મેળવવા કે તેને નિયંત્રિત કરવા તમે દવા વધારે માત્રામાં લઈ શકો છો, જે ઓવરડોઝ તરફ દોરી શકે છે.

સ્વયં-ઉપચારની પદ્ધતિથી ઘણીવાર બીમારી ગંભીર બની શકે છે તેમજ કેટલાંક સંજોગોમાં વ્યક્તિ મોતને પણ ભેટી શકે છે. તમારાં ફાર્માસિસ્ટ અને તમારાં ફિઝિશિયન એક ટીમ છે, જે તમારાં સ્વાસ્થ્યની સલામતી માટે અને તેને જાળવવા માટે સંયુક્તપણે કામ કરે છે. ડૉક્ટરને મળીને એ ટીમનો ઉપયોગ કરો અને તમારાં ફાર્માસિસ્ટને તમારી કોઈ પણ ચિંતાઓ જણાવો – તેનાથી નિવારણ થઈ શકે એવી ગંભીર જટિલતાઓ ઊભી થઈ શકે છે, જેમાં મૃત્યુ પણ સામેલ છે.

સ્વયં-ઉપચાર મોડલ સાથેની સમસ્યાઓ બહુ વિશિષ્ટ નથી, પણ તેનું વહેલાસર સમાધાન થાય એ જરૂરી છે.

નિયમનકારક સંસ્થાઓને સલામતી, કાર્યદક્ષતાને આધારે દવા ઉત્પાદનોની સતત સમીક્ષા અને તેનું વર્ગીકરણ કરવાની જરૂર છે તથા કાયદા અને નીતિનિયમોનું અમલીકરણ કરાવવા માટે સહકાર આપવો પડશે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સ્વયં-ઉપચાર અપનાવવાનાં કેટલાંક નિયમો છે. આ માટે વ્યક્તિની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે હેલ્થકેર વર્કર્સ માટે સંદર્ભ સાહિત્ય અને તાલીમ પ્રવૃત્તિઓ સાથે સંબંધિત જોગવાઈઓ આપવામાં આવી છે.

જનતાની સ્વાસ્થ્ય સંબંધિત બદલાતી જરૂરિયાતો પૂર્ણ કરવા ફાર્માસિસ્ટની ક્ષમતાની જાળવણી સુનિશ્ચિત કરવા ફાર્માસિસ્ટોને સતત માહિતી આપવી પડશે અને તેમને સતત સાથસહકાર આપવો પડશે. તેમણે જૂના પ્રિસ્ક્રિપ્શન ઉપર દવા ન આપતા ડોક્ટરનું નવું પ્રિસ્ક્રિપ્શન માગવું જોઈએ તેમજ દવા અથવા ડોઝમાં કોઈપણ ફેરફાર કરવો જોઈએ નહીં.

રાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ એસોસિએશનોએ ફાર્માસ્યુટિકલ સારસંભાળની વિભાવનાને આધારે કામગીરીનાં ચોક્કસ ધારાધોરણવ વિકસાવવા પડશે. તમામને વીમાની સુવિધા પૂરી પાડવા હેલ્થ ઈન્સ્યોરન્સ સેવાઓનું વિસ્તરણ સ્વયં-ઉપચાર પદ્ધતિનાં દરને ઘટાડી શકે છે.

એક્સપાઇર થયેલી દવાઓ લેવી

જ્યારે એક્સપાઇર થયેલી સૂચિત દવાઓ કે ઓવર-ધ-કાઉન્ટર દવાઓ લો છો, ત્યારે તમે તમારાં ચિહ્નોમાંથી રાહત મેળવવા કે તેને નિયંત્રણમાં લેવા પર્યાપ્ત ડોઝ ન મેળવવાનું જોખમ લો છો. એક્સપાઇર થયેલી દવાઓ અસરકારક કે ઉપયોગ કરવામાં સુરક્ષિત ન હોય એવું બની શકે છે. કેટલીક દવાઓની એક્સપાયરીને કારણે કેમિકલ રિએક્શન આવી શકે છે અને તેના કારણે આરોગ્ય ઉપર વિપરિત અસરો સર્જાઈ શકે છે.

નિદાન ન થયેલી ગંભીર બીમારીનો સંકેત

સતત તાવ અને ચામડી પર ફોલ્લીઓ અન્ય કોઈ ગંભીર બીમારીઓનો સંકેત હોઈ શકે છે. આ પ્રકારની ગંભીર બીમારીની અસરકારક સારવાર કરાવવા માટે યોગ્ય નિદાનની જરૂર છે. ડાયાબીટિસ કે હૃદયરોગ જેવા કેટલાંક કિસ્સાઓમાં ચિહ્નોની અવગણના કરવાથી ગંભીર અસરો પેદા થવાનું જોખમ વધી શકે છે. જો તમે ૫ દિવસથી વધારે આ પ્રકારનો લક્ષણો અનુભવો તો તમારે તાત્કાલિક ડૉક્ટરની સલાહ લઈને જરૂરી તપાસ કરાવીને નિદાન કરાવવું જોઈએ અને ત્યારબાદ ડોક્ટરની સલાહ પ્રમાણે જ દવા લેવી જોઈએ.

એન્ટિબાયોટિકનો દૂરુપયોગ અને એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સમાં વધારો

એન્ટિબાયોટિક્સ નુકસાનકારક બેક્ટેરિયાનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છે, પણ તેનાં દુરુપયોગથી જોખમકારક અસરો થઈ શકે છે. જ્યારે તમને બેક્ટેરિયલ ઈન્ફેક્શન કે બીમારી ન હોય, ત્યારે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ બિનઅસરકારકતા તરફ દોરી શકે છે. જ્યારે આવું થાય છે, ત્યારે બેક્ટેરિયા એન્ટિબાયોટિક્સની અસરનો પ્રતિકારશક્તિ વિકસાવે છે, જે એન્ટિબાયોટિક્સને કામ કરતી અટકાવે છે. પછી બેક્ટેરિયાની સંખ્યામાં અનેકગણો વધારો થાય છે, જેનાં પરિણામે બેક્ટેરિયા તમારી સારવારને બિનઅસરકારક બનાવે છે.

બેક્ટેરિયા નુકસાનકારક અને લાભદાયક એમ બંને પ્રકારનાં બેક્ટેરિયા સાથે આ પ્રતિકારકક્ષમતા પણ વહેંચે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે શરદી કે અન્ય વાઇરલ ઈન્ફેક્શનથી પીડાતા હોવ છે, ત્યારે તેનાં માટે એન્ટિબાયોટિક્સ વાઇરસમાંથી છૂટકારો નહીં અપાવે. તેનાં બદલે આ લાભદાયક બેક્ટેરિયામાં પ્રતિકારશક્તિ ઊભી કરશે અને હાજર નુકસાનકારક બેક્ટેરિયા સાથે પ્રતિકારકક્ષમતા વહેંચશે.

વૈશ્વિક સ્તરે એન્ટિબાયોટિક સામે પ્રતિકારક્ષમતામાં વધારો થવાથી અને આ પ્રકારની દવાઓનાં તાર્કિક ઉપયોગ સાથે સ્વાસ્થ્યને અસર કરે એવી ડોક્યુમેન્ટેડ દવાઓ જાહેર સ્વાસ્થ્ય પર મોટી અસર કરે છે, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં.

દવા વિજ્ઞાનમાં પણ હવે ટારગેટેડ થેરાપી ઉપલબ્ધ છે

આજના સમયમાં ઘણી દવાઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઓનલાઈન દવાઓની જાહેરાત અને તેમનું વેચાણ બેરોકટોક રીતે ચાલી રહ્યું છે. જે દવાઓનાં દુરુપયોગ માટે જવાબદાર છે. જેના કારણે દવાઓનો ઉપયોગ તબીબની સલાહ વિના થતો હોય છે.



દવા એટલે શું?

દવા એટલે રાસાયણિક પદાર્થ કે જે દર્દી અથવા સામાન્ય રીતે તંદુરસ્ત વ્યક્તિના નિદાન, ઉપચાર, સારવાર અને રોગની પરિસ્થિતિ અટકાવવા માટે વપરાય છે. દવાની થેરાપીને ફાર્મેકોથેરાપી પણ કહેવામા આવે છે જે ફાર્માકોલોજી વિજ્ઞાન સાથે જોડાયેલ છે. દવાઓ વિવિધ પ્રકારની હોય છે, જેમકેઃ એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, યુનાની અને નેચરોપેથી. દર્દીની રોગની લાક્ષણિકતા પ્રમાણે આ ઉપરોક્ત તમામ પ્રકારની થેરાપી આપી શકાય છે. આ ઉપરાંત દવા વિજ્ઞાનમાં જે નવી શોધો થયેલી છે તેમાં દર્દીને રોગની સારવાર માટે ટારગેટેડ થેરાપી પણ હવે ઉપલબ્ધ છે, જેમાં જનીનિક થેરાપી, મોનોક્લોનોલ એન્ટીબોડી થેરાપી, સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ છે.

દવાના ફાયદા

- કોઈપણ રોગની સ્થિતિમાં દવા સ્વાસ્થ્યની ગુણવત્તા વધારે છે.
- અમુક રોગની સ્થિતિમાં જેમકે, કેન્સર, દવાઓનાં ઉપયોગથી દર્દીનું સ્વાસ્થ્ય સારૂં થાય છે અને તેનું જીવન લંબાય છે.
- દવાના ઉપયોગથી જીવલેણ રોગો નિવારી શકાય છે.
- રોગોની સ્થિતિમાં લોકોનું જીવન અને સ્વાસ્થ્ય સુધારવામાં ઉપયોગી છે.
- રસીકરણથી રોગોનો ફેલાવો બચાવી શકાય છે.
- વૃદ્ધાવસ્થાની સ્થિતિમાં એક કરતાં વધુ રોગો થવાની શક્યતાઓ છે તેથી આવી સ્થિતિમાં દવા ફાયદાકારક નીવડે છે.
- ચેપી રોગોને દૂર કરે છે.
- સાંધાના રોગોમાં દુઃખાવો દૂર કરે છે.
- બ્લડપ્રેશર અને મધુપ્રમેહ (ડાયાબિટીસ)ને કાબુમાં રાખે છે.
- મલ્ટીવિટામિન્સ દવાઓથી વિટામીનની ખામીઓ પૂરી કરી શકાય છે.
- એનાબોલિક સ્ટીરોઈડ્સથી સ્નાયુપેશીમાં વધારો થાય છે.

ગેરફાયદા

- દવાના વધારે પડતા ઉપયોગથી દવા ફાયદો કરવાના સ્થાને નુકસાન પહોંચાડે છે.
- ઘણી દવાઓના વધારે પડતા ઉપયોગથી તેની આદત પડી જાય છે. (નાર્કોટિક, કફસિરપ).
- એન્ટિબાયોટિક જેવી દવાઓનાં વધારે પડતા ઉપયોગથી રોગપ્રતિકારક શક્તિ ઘટે છે.
- ઘણી દવાઓ લિવર અને કિડની પર આડઅસર કરે છે.
- દવા અને ખોરાક, પીણા, વિટામિન્સ અને હર્બલ અથવા બીજી દવા વચ્ચેની હાનિકારક ક્રિયાપ્રતિક્રિયાની સંભાવના છે.
- ક્યારેક દવા વધારાની સમસ્યાઓનું કારણ બની શકે એવી શક્યતા રહે છે.
- એન્ટિબાયોટિક્સના ઉપયોગથી અતિસાર થાય છે.
- અમુક દવાઓ એલર્જી કરે છે (પેનિસિલીન, સલ્ફોનામાઈડ).
- અમુક દવાઓનાં લાંબા સમયના ઉપયોગથી વજનમાં વધારો થાય છે. (સ્ટીરોઈડ્સ, એન્ટિડિપ્રેશન, એન્ટી ડાયાબિટીક).
- આજના સમયમાં વધુ પડતા એન્ટિબાયોટિકના ઉપયોગથી ભવિષ્યમાં એ જ એન્ટિબાયોટિક જરૂરી ચેપની સારવાર માટે બીનઉપયોગી નીવડી શકે છે.
- આજના સમયમાં પ્રિસ્ક્રિપ્શન વગરની દવાઓનું પૂરજોશમાં વેચાણ ચાલી રહ્યું છે, જે ખૂબ જ જોખમી છે.
- દવાઓની વિવિધ, લોભામણી અને તથ્ય વગરની જાહેરાતો સમાજનાં સારા અને સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે જોખમી છે.

ઘણી વખત દવાઓનો દુરુપયોગ જાણી જોઈને અને અજાણતાં કરવામાં આવે છે. જેમાં દવાની માત્રાનો દુરુપયોગ, અપૂરતી માહિતી પ્રમાણે દવાનો ઉપયોગ અને અયોગ્ય સમયે દવાઓનો દુરુપયોગ સામેલ છે.

દવાઓ દર્દી અથવા દર્દીના સગા દ્વારા સારવાર માટે ઘણીવખત તબીબના પ્રિસ્ક્રિપ્શન વિના લેવામાં આવે છે જેને ઓવર-ધ-કાઉન્ટર અથવા તો નોન-પ્રિસ્ક્રિપ્શન મેડિસીન કહેવામાં આવે છે. જે ઘણી ગંભીર બાબત છે.

ઓવર-ધ-કાઉન્ટર મેડિસીન જે દર્દીની સારવાર માટે વેચવામાં આવે છે તે ફક્ત માથાનો દુઃખાવો, સામાન્ય શરદી, સ્નાયુના દુઃખાવા, એલર્જી, તમાકુની આદત છોડાવવા અને છાતી અને પેટની બળતરા માટે સામાન્ય રીતે વપરાય છે પરંતુ ઓટીસી દવાઓના વેચાણ સાથે હંમેશા જોખમ સંકળાયેલું છે. ઘણી વખત દર્દી અથવા દર્દીના સગા જાતે જ રોગનું નિદાન કરે છે અને જે અયોગ્ય નિદાન કરેલું હોવાથી એના જ અનુસાર અયોગ્ય દવાની માત્રા દર્દીની સારવાર માટે વપરાય છે અને તે જ આગળના સમયમાં દર્દીને તેની આદત પાડે છે અને લાંબા ગાળે શરીરના જીવંત અવયવો જેમકે મગજ, આંખો, હૃદય, લિવર, કિડની અને શરીરની રોગપ્રતિકારક રચનાને નુકસાન કરે છે. તેની સાથે સાથે આ દવાઓની ખરાબ અસર અને દવાઓનું બીજી દવાઓ સાથે અથવા દવાઓનું ખોરાક સાથે સંક્રમણ થવાથી દર્દીના શરીરને નુકસાન થવાની સંપૂર્ણ શક્યતા અને જોખમ રહેલું છે.

ઉપરાંત દર્દી જ્યારે રોગની સારવાર લેવા માટે તબીબ પાસે જાય છે ત્યારે ઘણીવખત જૂની દવાઓની માહિતી, રોગની સ્થિતિ અને દવાઓની પોતાની એલર્જી બાબતમાં તબીબને સંપૂર્ણ માહિતી નથી અથવા તો તબીબ તે માહિતી લેવાનો પ્રયાસ નથી કરતાં જે સ્થિતિ પણ દર્દીની ભવિષ્યની સારવાર નક્કી કરવા માટે ભયજનક છે, માટે જ્યારે પણ રોગની સારવાર લેવા માટે તબીબ પાસ જવાનું થાય ત્યારે સંપૂર્ણ માહિતી તબીબને આપવાથી યોગ્ય નિદાન અને સારવાર શક્ય બની શકે છે.

આજના સમયમાં જ્યારે આપણે સ્વસ્થ અને તંદુરસ્ત સમાજની વાત કરી રહ્યા છે ત્યારે...

દવાઓનાં દુરુપયોગ અને તેનાથી થતું સમાજને નુકસાનના સંદર્ભમાં સહુએ સાથે મળીને કામ કરવું જરૂરી છે અને તેના માટે ફાર્માસિસ્ટ, તબીબ અને બીજા હેલ્થકેર સાથે સંકળાયેલા પ્રોફેશનલ્સ ઉપરાંત સમાજના દરેક વર્ગનાં લોકોએ એક જૂથ થઈને દવાઓનાં દુરુપયોગ સામે જાગૃત થવાની આ સમયમાં તાતી આવશ્યકતા છે.

મોબાઈલ એડિક્શન

'આ મારો દીકરો કરણ છે, એ આ વર્ષે બારમા ધોરણમાં છે. નાઈન્થ સ્ટાન્ડર્ડ સુધી તો એનું એકેડેમિક પરફોર્મન્સ પરફેક્ટ હતું. બધું સરસ ભણી લેતો હતો. એનો છ+ ગ્રેડ તો કાયમ આવે જ. કરણ ફૂટબૉલ પણ ખૂબ સરસ રમે છે. એમાં પણ સ્ટેટ લેવલ સુધી એ રમ્યો છે. પણ ટ્વેલ્થ સ્ટાન્ડર્ડ ચાલુ થયું એટલે હવે એ બંધ છે.' સંજયભાઈ સાયકોલોજીસ્ટને એક શ્વાસે બધું કહી રહ્યા હતા.

'એને એક એડિક્શન થઈ ગયું છે. - 'મોબાઈલનું એડિક્શન.' હંમેશા જ્યારે જૂઓ ત્યારે એ મોબાઈલમાં કંઈને કંઈ ગેમ રમ્યા કરતો હોય, એક પણ મિનિટ એને ફોન વગર ન ચાલે. કદાચ સ્કૂલમાં હોય એટલો વખત જ આવું નહીં કરતો હોય, બાકી તો જ્યારે જૂઓ ત્યારે કાનમાં ઈયરફોન ભરાયેલા હોય. હાથમાં આઈ પેડ હોય અને કોઈ ને કોઈ ગેમ ચાલુ હોય. અરે ઘરે ટ્યુશનના સર આવે તો એમને પણ 'સર, તમને મોબાઈલ પર કંઈક નવું બતાવું.' એવું કહીને એ સરને પણ ફોન ચાલુ કરી ક્યારેક-ક્યારેક ઈન્વોલ્વ કરી દે છે. મારો બેટો છે તો બહુ બ્રિલીયન્ટ. બધા એની વાતમાં આવી જાય, એની ઇચ્છા મુજબ જ બિહેવ કરે, કોઈનું માને નહિ. એમાં ય અમારું તો નહીં જ. એની મમ્મી તો આખો દિવસ ચીસો જ પાડતી હોય.

મમ્મી જહાનવીબહેન વચ્ચે જ બોલ્યા, 'પણ તમે આખો દિવસ ઘરે ના હો એટલે કરણનું ધ્યાન તો મારે જ રાખવું પડે ને! તમારે તો બસ ઓર્ડર કરવો છે. એની ભણવાથી માંડીને બીજી બધી જરૂરિયાતોનું કોણ ધ્યાન રાખે ? હું જ ને ? સ્કૂલમાં પેરન્ટ-ટીચર મિટિંગમાં પણ મારે જ જવાનું ? તમને યાદ પણ છે એના ટિચર કોણ છે ? એટલું સારું છે કે આપણો કુંવર કયા ધોરણમાં છે એની તમને ખબર છે... થેંક્સ એના માટે...'

આજ કાલ ખરેખર આ સ્ક્રિનનું વ્યસન બહુ વધી રહ્યું છે. આવું કેમ થાય છે ?

વિડિયો કે કમ્પ્યુટર ગેમ બાળકો અને ટીનએજર્સને એક્સાઈટીંગ લાગે છે. એમાં ચેલેન્જ અને એક્શન હોય છે. ક્યારેક ગેમ્સ દ્વારા કોન્સન્ટ્રેશન અને લોજીક પણ વધી શકે છે. ગેમમાં જે હિરો હોય તે બધાને આક્રમકતાથી મારે છે. અને એ હિરો બાળકના માનસ-નિયંત્રણમાં હોય છે. એટલે



છેવટે બાળકની આક્રમક વૃત્તિ 'સ્ક્રિન'માં સંતોષાય છે. મમ્મી-પપ્પા કે ટીચરે કરેલા ગુસ્સાનો જવાબ બાળક 'સેફ ગેમ્સ' દ્વારા આપે છે. કારણ કે એમાં બાળકના ગુસ્સાને કોઈ 'જજ' નથી કરતું. ઉપરાંત ક્યારેક માતા-પિતા શરૂઆતમાં પોતે બીઝી હોય એટલે દેખાદેખીમાં બાળકોને ટીવી કે કોમ્પ્યુટરના સ્ક્રિનના ઑન-લાઈન હવાલે કરી દે છે. પછી એવી ટેવ પડે છે કે એમાંથી છુંટવું મુશ્કેલ બને છે.

આપણે બધા આઉટ ડોર ગેમ્સના ફાયદા જાણીએ છીએ. બાળકને જો એ દિશામાં વળવું હોય તો માતા-પિતા પોતે પણ આઉટ-ડોર ગેમ્સમાં ઈન્વોલ્વ થાય તો બાળકને તે ચોક્કસ ગમે છે. સ્કૂલ દ્વારા પણ ફિઝીકલ એક્ટિવીટી થતી હોય એમાં કંપલસરી ભાગ લેવડાવવાથી ઘણો ફાયદો થાય છે. માતા-પિતા પોતાના મિત્રોની દેખાદેખીને કારણે ક્યારેક પોતાના સંતાનની 'પ્રાઈવેટ નીડ' સમજી શકતા નથી. સંતાનના હાથમાં લેટેસ્ટ ગેજેટ આવે તો સંતાનના વિચારો લેટેસ્ટ બની જશે એની કોઈ ગેરેન્ટી નથી. હા મૉમ-ડૅડ ની 'ફેક પર્સનાલિટી' પડશે. સંતાનોના ઘડતરમાંથી આવું દેખાદેખીનું અનિવાર્ય દૂષણ દૂર થાય તે જરૂરી છે.

કરણને અને એના પેરન્ટ્સને કાઉન્સેલીંગ આપવામાં આવ્યું. ધીમે ધીમે સ્કિન એડિક્શનમાંથી 'સ્કિન ડાયેટીંગ' કરતા કરતા હવે બધું વાસ્તવિક રીતે 'ઑન-લાઈન' થઈ ગયું છે.

વલસાડ ખાતે યોજનાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો



વિકાસલક્ષી યોજનાઓની જાણકારી છેવાડાના માનવી સધી પહોંચે તે જરૂરી છે - સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર

વલસાડ

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ વર્ષ ઉજવણી નિમિત્તે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તેમજ અન્ય પછાતવર્ગના લોકોને સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાના હેતુસર સમાજ કલ્યાણ શાખા જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા આયોજિત યોજનાકીય સેમિનાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતામાં ડાક્ટ્ર. આંબેડકર ભવન, જિલ્લા પંચાયત પાસે, વલસાડ ખાતે યોજાયો હતો.

આ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે વિકાસલક્ષી યોજનાઓની જાણકારી છેવાડાના માનવી સધી પહોંચે તે જરૂરી હોવાનું જણાવી તે માટે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા યોજવામાં આવેલા યોજનાકીય માર્ગદર્શન શિબિરની સરાહના કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને લઈ ચાલી રહેલી રાજ્ય સરકારે રાજયના દરેક ગામોમાં પ્રજાલક્ષી વિકાસકાર્યો કર્યાં છે. ઉજ્જવલા યોજના હેઠળ ઘરે-ઘરે ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો પરિચય કરાવી તેનો દરેકને લાભ લેવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણી અન્વયે યોજાઈ રહેલા વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સૌને ભાગ લેવા તેમજ આરોગ્ય ક્ષેત્રે આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી વિમા યોજના, મા, મા-વાત્સલ્ય યોજનાનો જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ સેમિનાર દરમિયાન આપવામાં આવેલા યોજનાકીય સાહિત્યનો સકારાત્મક ઉપયોગ કરી તંદુરસ્ત સમાજ નિર્માણમાં ભાગીદાર થવા અને સરકારી યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ પી. દેસાઈએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે આધારકાર્ડ અને બેન્ક ખાતાની પાસબુક જેવા દસ્તાવેજો હાથવગા રાખવા અનરોધ કર્યો હતો.

પ્રાયોજના વહીવટદાર બી.સી.ચુડાસમા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વસાવા, નાયબ બાગાયત નિયામક નિતીનભાઈ પટેલ, મદદનીશ ખેતીવાડી અધિકારી કે.એમ.કોરાટ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીના એસ.એન.વસાવા, મદદનીશ પશુપાલન નિયામક એમ.સી.પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર જી.એલ.પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનિલ પટેલ વગેરેએ તેમના વિભાગોને લગતી દરેક પ્રકારની સહાય યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ખેડૂતમિત્રો માટેની વિવિધ યોજનાઓ આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ૧લી એપ્રિલથી શરૂ થશે, જેના ઉપર ઓનલાઈન અરજી કરી આનુષાંગિક દસ્તાવેજો સંબંધિત કચેરીમાં સમયસર પહોંચતા કરવા જણાવાયું હતું.

ધારાસભ્ય ભરતભાઈ પટેલ તેમજ સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ઝીણાભાઈ પવારે પ્રાસંગિક ઉદબોધનમાં દરેક જાતિના લોકો માટે અમલી રાજય સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા યોજનાકીય જાણકારી સાથેના સાહિત્ય સાથે ખાદીની બેગ તેમજ શ્રમિક કલ્યાણ બોર્ડ દ્વારા ટીફીન અને ઓળખકાર્ડનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલ, સહિત જિલ્લા/ તાલુકા પંચાયત સદસ્યો, લાભાર્થીઓ હાજર રહયા હતા. આશ્રમશાળા ગિરનારાની બાળાઓને સ્વાગત અને દેશભક્તિ ગીત રજૂ કર્યાં હતાં. આભારવિધિ સમાજ કલ્યાણ અધિકારી જે.કે.ચાવડાએ કરી હતી.

ઉધના ધર્મયુગ સોસાયટી અને રિદ્ધિ સિદ્ધિ સોસા.માં ડીમોલીશન

ઉધના ઝોને બે ગેરકાયદે બાંધકામો તોડી પાડ્યા

સુરત

સાઉથ ઝોન ઉધનાના એડી. સીટી ઈજનેર (સી) તથા ઝોનલ ચીફ તેમજ કાર્યપાલક ઈજનેરની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન ઉધના સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૧ ઉધના-મજુરા તથા ટી.પી. સ્કીમ નં.૨ ઉધના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ટી.પી. સ્કીમ નં.૧ ઉધના મજુરામાં આવેલ ફા. પ્લોટ નં.૫૪માં આવેલ ધર્મયુગ સોસાયટીમાં આશરે ૪૦૦ ચો.ફુટ માં આવેલ દુકાનોના શટર નંગ ૪ દુર કરવામાં આવેલ છે. ઉપરાંત ટી.પી. સ્કીમ નં.૨ ઉધનામાં આવેલ રિદ્ધિ સિદ્ધિ સોસાયટીના પ્લોટ નં.એ/૩ની દક્ષિણ દિશામાં ૨૪૦૦ ચો.ફુટ સેન્ટરીંગ દુર કરવામાં આવેલ છે તથા ૩૦ રનિંગ ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે.

દાહોદ જિ.માં સરકારી શાળાઓની શિક્ષિકાઓને સાડીમાંથી મુક્તિ અપાઈ

દાહોદ

દાહોદ જિલ્લામાં જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અંતર્ગત પ્રાથમિક શાળાઓ ચાલે છે. ત્યારે શિક્ષણ સમિતિએ શિક્ષિકાઓ માટે ફરજીયાત સાડી પહેરવાના ઠરાવમાંથી મુક્તિ આપી દીધી છે. અગાઉ દાહોદ જિલ્લામાં ફરજીયાત સાડી પહેરીને આવવાની ફરજ પડાતા વિરોધનો વંટોળ ઉભો થયો હતો, અને આખરે જિલ્લા પ્રા. શિ.અધિકારી શિક્ષિકો બહેનોને સાડીમાંથી મુક્તિ આપી છે. હવે શિક્ષિકા બહેનોને શિક્ષિકા તરીકે છાજે તેવો પહેરવેશ પહેરવા જિલ્લા પ્રા. શિ.અધિકારીઓએ સુચના આપી છે.

તમને જણાવી દઈએ કે, દાહોદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તક ૧૬૫૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. જેમાં કુલ ૧૧,૨૪૨ જેટલા શિક્ષકો પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવે છે, જેમાં ૪૩૭૦ જેટલી શિક્ષકાઓનો સમાવેશ થાય છે.

અગ્રાઉ સમગ્ર જિલ્લામાં શિક્ષકો કે શિક્ષિકાઓ માટે કોઇ પણ પ્રકારનો ગણવેશ નક્કી કરવામાં આવ્યો નથી કે તેવો કોઇ પરિપત્રમાં પણ ઉલ્લેખ કરાયેલો નથી. તેમ છતાં મોટે ભાગે શાળામાં શિક્ષકો પેન્ટ શર્ટ અને શિક્ષિકાઓ સાડી પહેરીને ફરજ બજાવવા આવતા હોય છે.

પૂર્વ ધારાસભ્ય ડો.આશાબેન પટેલના પૂતળા દહન અંગે ૧૦થી ૧૨ લોકો સામે થઈ ફરિયાદ

મહેસાણા

કોંગ્રેસના ધારાસભ્ય ડો. આશાબેન પટેલના રાજીનામા બાદ સમર્થકોમાં ભારે વિરોધ થયો હતો. ત્યારબાદ ડો. આશા પટેલના વિરોધ સાથે તેમનું પૂતળા દહન કરવામાં આવ્યું હતું. જોકે, ઊંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલના પુતળા દહન મામલે ૧૦થી ૧૨ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે શનિવારે મોડી સાજે પૂર્વ ધારાસભ્ય આશા પટેલના રાજીનામાનો વિરોધ કરતા તેમનું પુતળા દહિન કરવામાં આવ્યું હતું. જેના પગલે સંજય સોમાભાઈ પટેલ, અરવિંદ અમૃતલાલ પટેલ સહિત ૧૦થી ૧૨ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી છે.

રાજપીપળામાં નર્મદા જિલ્લા ફેરપ્રાઈઝ એસોસિએશન દ્વારા સ્નેહમિલન સંમેલન યોજાયું



,પીએમ મોદીના ભાઈ અને ગુજરાત રાજ્ય ફેરપ્રાઈઝ એસોસિએશન પ્રમુખ પ્રહલાદ મોદીએ સરકાર સામે પ્રહારો કર્યા.

રાજપીપળા:રાજપીપળાના સરદાર ટાઉન હોલમાં નર્મદા જિલ્લા ફેરપ્રાઈઝ એસોસિએશનનું સ્નેહમિલન સંમેલન નરેન્દ્રસિંહ રાઉલજીની આગેવાનીમાં યોજાયું હતું.જેમાં સમારંભના પ્રમુખ સ્થાનેથી સંબોધતા પીએમ મોદીના ભાઈ ગુજરાત રાજ્ય ફેરપ્રાઈઝ એસોસિએશન પ્રમુખ અને ઓલ ઈન્ડિયા ફેરપ્રાઈઝ એસોસિએશન ઉપપ્રમુખ પ્રહલાદ મોદીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.આ સમનેલનમાં મોટી સંખ્યામાં નર્મદા જિલ્લાના સતા અનાજા દુકાનદારો ઉપરાંત ગોધરા,ભાવનગર અને વડોદરાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા ફેરપ્રાઈઝ શોપ એસોસીએશનનું સ્નેહ મિલન યોજાયું હતું.જેમાં પ્રધાનમંત્રી મોદીના ભાઈ પ્રહલાદ મોદીએ સરકારને ચીમકી આપી હતી કે ૬ ફેબ્રુઆરીએ પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રી રૂપાણી જોડે ચર્ચા થશે,જો સરકાર તરફથી સારો પ્રતિસાદ નહી મળે તો ૨૦૧૯લોકસભાની ચૂંટણીમાં સરકાર સામે લડત અપાશે.પ્રહલાદ મોદીએ સરકારને બહેરી ગણાવી જણાવ્યું હતું કે સરકાર અમારી વાત સાથે તાલ મિલાવી શક્તિ નથી.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,પુરવઠા મંત્રી જયેશ રાદડીયા આપણુ કમિશન વધારવા તૈયાર છે પણ નાના વિભાગમાંથી ફાઈલો પાછી આવે છે.હું ભાજપનો સક્રિય કાર્યકર છું પણ પાર્ટી મારુ પેટ ભરતી નથી,આમ પણ નરેન્દ્રભાઈ કશું આપતા નથી.૬ ફેબ્રુઆરીની મિટિંગ સક્સેસ જશે તો આભાર પત્ર સરકારને આપીશ નહીંતર અલ્ટીમેટમનો પત્ર રૂપાણીને હાથોહાથ આપીશ.નર્મદા જિલ્લા પુરવઠા વિભાગના કોઈ દોઢ ડાહ્યા અધિકારીએ જિલ્લાના ૪૫% કાર્ડ બંધ કરી દીધા છે.ફેરપ્રાઈઝ શોપના સંચાલકો સરકારી ગોડાઉનો ઉપર જઈને અધિકારીઓને ચા- પાણી કરાવીને નજરાણું આપે છે.તો આ તકે તેઓએ સરકારના અધિકારીઓને નફ્ફટ ગણાવી દીધા હતા.









સિનિયર-જૂનિયર નેતાઓનો સમાવેશ કરવામાં આવશે
લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ હાઈપાવર કમિટીની રચના કરશે

અમદાવાદ

આગામી સમયમાં દેશમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. જેને ધ્યાનમાં રાખીને દરેક પક્ષો તડામાર તૈયારીઓમાં લાગી ગઈ છે. લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં પોતાનો પડચમ લહેરાવવા માટે દરેક પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટી પણ પોતાની તૈયારીઓ ચાલું કરી દીધી છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ હાઈપાવર કમિટીની રચના કરશે એવી શક્યતા શેવાઈ રહી છે.

નજીકના સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે લોકસભા ચૂંટણી પહેલા હાઈ પાવર કમિટીની જાહેરાત કરવામાં આવશે. આ કમિટીમાં કોંગ્રેસના સિનિયર અને જૂનિયર નેતાઓનો સમાવેશ કરવામાં આવશે. આઠ સભ્યોની કમિટીમાં અમિત ચાવડા, પરેશ ધાનાણી, અલ્પેશ ઠાકોર, અર્જૂન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, તુષાર ચૌધર, ભરતસિંહ સોલંકી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવનો સમાવેશ થશે. આ સંભવતી હાઈપાવર કમિટીની હજી સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આ કમિટી ઉમેદવાર પસંદગીથી લઈને ચૂંટણીની તમામ કામગીરી ઉપર કામ કરશે. અને તમામ પ્રકારનું ધ્યાન રાખશે. આગામી દિવસોમાં દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા આ કમિટીની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે એવું સુત્રો જણાવી રહ્યા છે.

ફેરબદલી થયેલા શિક્ષકોની યાદી વેબસાઈટ પર જાહેર કરાઈ

શિક્ષકોને કોઈ વાંધા હોય તો તાકીદે રજૂ કરી દેવા

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતમાં જિલ્લા ફેરબદલીથી આપના જિલ્લામાંથી આવનાર શિક્ષકની અરજીઓ વર્ષ વાર નોંધવામાં આવેલ છે. જે શિક્ષકો પ્રાથમિક વિભાગમાં છે. તેઓના નામ પ્રાથમિક વિભાગની ધો.૧ થી ૫ યાદીમાં સામેલ છે. જે શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં અરજી કરેલ અને તેઓએ ધો.૬ થી ૮માં ઉચ્ચ પ્રા.વિભાગમાં વિકલ્પ સ્વીકારી અત્રેની કચેરીને જરૂરી પુરાવા રજૂ કરેલ હશે, તેઓના નામ વિષયવાર ક, ખ, ગ અને વર્ષ વાર યાદી મુજબ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત સંદર્ભ પત્રથી વેબસાઈટ, ઈમેઈલ ઉપર યાદી મુકવામાં આવેલ હતી. તે મુજબ સુધારા વધારા કરી યાદી ફરીથી આ સાથે મુકવામાં આવે છે. પ્રસિદ્ધ કરેલ શ્રેયાન યાદીમાં જો કોઈ ઉમેદવારને વાંધો હોય, તો તેમણે તા.૪-૨-૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં વાંધા અરજી જરૂરી સાધનિક પુરાવા સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે. તા.૪-૨-૨૦૧૯ પછી કોઈપણ પ્રકારની વાંધા અરજ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ કેમ્પના દિવસે કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી. શ્રેયાન યાદીમાં જણાવેલ હાજર રહેનાર ઉમેદવારોએ કેમ્પમાં ઉપસ્થિત રહે તે સમયે તેમણે કરેલ અરજીની નકલ સાથે જરૂરી પ્રમાણપત્ર સહિત હાજર રહેવા જણાવવામાં આવે છે. આપના જિલ્લાના જે શિક્ષકોએ અત્રેની સમિતિમાં આવવા માટે જિલલા ફેર બદલીની અરજી કરેલ હોય તેવા તમારા તાલુકાની પ્રા.શા.માં ફરજ બજાવતા શિક્ષકોને જાણ કરવા વિનંતી છે.

અમરોલીના ગણેશપુરામાં જુગારની કલબ પર પોલીસે છાપો માર્યો

સોસાયટીના ઘરમાં જુગાર રમતા ૭ની ધરપકડ

સુરત

અમરોલી ગણેશપુરા હાઉસિંગ બોર્ડ કૃષ્ણનગર સોસાયટી ઘર નં. ૨૯૦માં ધમધમતી જુગારની કલબ ઉપર દરોડા પાડી સાત જુગારીની ધરપકડ કરી રોકડા રૂા. ૨૨,૪૦૦ની કબજે કર્યા હતા. અમરોલી પોલીસે બાતમીના આધારે ઉપરોક્ત સ્થળેથી જુગાર રમતા દિનેશ સોમા મકવાણા, પ્રફુલ ભગુ સોંદરવા, બંકિમ રાઠોડ, વિક્રમ ધીરૂભાઈ, જીતેન્દ્ર સંગપાલ, વિજય ઓડ, હિંમત નાગજીની ધરપકડ કરી રોકડા રૂા. ૨૨,૪૦૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તા.૧૭'મીએ શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા યોજાશે

સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશ પત્ર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે

સુરત

પૂ.શ્રી મોટા હરિ ઓમ આશ્રમ કુરૂક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા તા.૧૭-૨-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા સવારે ૮.૦૦ કલાકે વી.આર. મોલની સામે, વાય જંકશન પાસે, સુરત ડુમ્મસ રોડ સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોઈપણ શાળાના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી રૂમ નં.૨૬, મુગલીસરા સુરત ખાતેથી મેળવી તા.૧૪-૨-૨૦૧૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેશ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશ પત્રો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

વોર્ડ નં.૨માં ગેરકાયદે બાંધકામ તોડી પાડી ૫૦ હજારનો દંડ વસૂલાયો

સેન્ટ્રલ ઝોને હાથ ધરેલુ ડીમોલીશન

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૨૫૩૨/એ, ૨૫૩૩/બ તથા ૨૫૩૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર અસલમ અબ્દુલભાઈ ઈરાની દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧-૨-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૫૦૦ ચો.ફુટ રેઈનફોરસમેન્ટ, સેન્ટરીંગ, શટરીંગ દુર કરી આશરે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. કોલમો દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૦,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

અડાજણની મહિલા તબીબના આપઘાત કેસમાં પતિ ડો. ચિંતન પટેલની પૂછપરછ

ડો. મનાલિ પટેલના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં પીએમ કરાયું : મૃતકની અંતિમવિધિ બાદ પોલીસ તપાસ આગળ વધારશે

સુરત

અડાજણની ડો. મનાલી ચિંતન પટેલ ગઈકાલે સ્યુસાઈટ નોટ લખી અને ભાઈને મેસેજ કરી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાના પ્રકરણમાં અડાજણ પોલીસે હાલ તુરંત અકસ્માત મોતનો ગુનો નોંધી સાસરિયા પક્ષની પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

અડાજણ શિવકુટીર રો હાઉસમાં રહેતી અને કે.પી. સંઘવી હોસ્પિટલમાં ફરજ બજાવત મહિલા તબીબે મનાલી પટેલે સાસરિયાના ત્રાસથી આપઘાત કરી લીધા પ્રકરણ અડાજણ પોલીસે કબજે કરેલી સ્યુસાઈટ નોટ બાદ મૃતક મહિલા તબીબના સાસરિયા વિરુદ્ધ તપાસ હાથ ધરી છે. અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હાલ મહિલા તબીબના પિયર પક્ષ તરફથી કોઈ ફરિયાદ આપવામાં આવી નથી તેમ છતાં અડાજણ પોલીસે સ્યુસાઈટ નોંધના આધારે મૃતકના પતિ ડો. ચિંતન ઠાકોર પટેલ સહિતના સાસરિયાની પૂછપરછ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આજે મૃતક ડો. મનાલીનું પોસ્ટ મોર્ટમ બાદ લાશનોક બજો પરિવારજનોને સુપરત કરાશે. હાલ મૃતકના પરિવારજનો મૃતકની અંતિમવિધિમાં વ્યસ્ત હોય, વિધિ પૂર્ણ થયા બાદ મૃતકના પરિવારજનોની ફરિયાદ નોંધ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ડીંડોલી બળાત્કાર હત્યા કેસ અદાલતમાં ડૉક્ટરની જુબાની

આગામી ૮'મીએ પીએમ કરનાર તબીબની જુબાની લેવાશે

સુરત

લીંબાયત વિસ્તારમાં રહેતી એક માસુમ બાળાની સાથે બળાત્કાર અને ત્યારબાદ હત્યા કરી નાંખવાના કેસમાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાએ આરોપીની મેડીકલ તપાસ કરનારા ડોક્ટરની સર તપાસ લીધી હતી. જોકે, બચાવ પક્ષના એડવોકેટ દ્વારા ઉલટ તપાસ લેવાયા બાદ વધુ સુનાવણી ૮મી ફેબ્રુઆરીએ થશે. જોકે, આ મુદ્દત પર બાળકીના મૃતદેહનું પીએમ કરનારા તબીબની સર અને ઉલટ તપાસ લેવામાં આવશે.

આ કેસની વિગતો એવી છે કે ગત તા.૧૪મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ૪ વર્ષની બાળકી સાથે બળાત્કાર ગુજારી તેની હત્યા કરી કોથળામાં મૂકી દઈ આરોપી અનિલ યાદવ ફરાર થઈ ગયો હતો. હત્યા કરાયા બાદ આરોપી પહેલા ભરૂજ પાલેજ થઈને બિહાર તરફ ભાગી છુટ્યો હતો. પોલીસે બિહારથી આરોપી હત્યારા અનિલ યાદવની ધરપકડ કરી સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી પરીક્ષણ કરાવ્યું હતું અને ત્યારબાદ તેને લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. ચાર્જશીટ અને ચાર્જફ્રેમ કરાયા બાદ આરોપી અનિલ યાદવ સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થઈ હતી. આજની ઠરાવ તારીખે ડીજીપી નયન સુખડવાળાએ આરોપીનું મેડીકલ પરીક્ષણ કરનારા ડોક્ટરની સર તપાસ અને બચાવ પક્ષના એડવોકેટે ઉલટ તપાસ લીધી હતી. વધુ સુનાવણી ૮મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને, પ્રતિષ્ઠિત વ્યાપારી
ESSAR 24 CARAT STEEL
BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇજ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

ભઠ્ઠીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

meriko
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

વલસાડ જિલ્લામાં તા.૩૧/૧/૧૯ના રોજ આખરી મતદારયાદી પ્રસિધ્ધ



જિલ્લામાં ૧૭૮૫૦ મતદારોનો વધારો : મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ :

વલસાડ

વલસાડ જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૩૧/૧/૨૦૧૯ની સ્થિતિએ આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જે અનુસાર વલસાડ જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભાના પાંચ મતદાર વિભાગોમાં ૮૮૮૫ પુરુષ, ૮૯૫૩ સ્ત્રી અને અન્ય ૧૨ મળી ૧૭૮૫૦ મતદારોનો વધારો નોંધાયો છે. જેમાં કુલ ૧૧૯૮૬૪૧ મતદારો નોંધાયા હોવાનું જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર શ્રી સી.આર.ખરસાણે દ્વારા કલેકટર કચેરી ખાતે મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

પત્રકાર પરિષદમાં માહિતી આપતાં કલેકટરશ્રી સી.આર.ખરસાણે જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ થયેલી મતદાર યાદી અનુસાર વલસાડ જિલ્લામાં કુલ ૧૧,૯૮,૬૪૧ મતદારો પૈકી ૬,૧૭,૬૯૮ પુરુષ અને ૫,૮૦,૯૨૨ સ્ત્રી મતદારો છે. લોકસભા સામાન્ય ચુંટણી દરમિયાન ઈવીએમ મશીનની સાથે વીવીપેટનો પણ ઉપયોગ થશે. આ વીવીપેટ મશીન દ્વારા મતદારે કોને મત આપ્યો તેની ઉમેદવારને ખાતરી થઈ શકશે. હજુ બાકી રહેલા મતદારો માટે સતત સુધારણા કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે, ચૂંટણી સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં નવા મતદારો પોતાનું નામ નોંધાવવાની સાથે સુધારા-વધારા પણ કરાવી શકશે. વીવીપેટની જાણકારી માટે ગામેગામ જનજાગૃતિ કાર્યક્રમો, જાગૃતિ રથ અને નિદર્શનો યોજવાનું આયોજન પણ કરાયું છે. મતદાર જાગૃત માટે સ્વીપ એકટીવીટી અસરકારક રીતે ચલાવવામાં આવશે, જે માટે પ્રાંજલ ભટ્ટ દ્વારા નિર્મિત શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરાશે.

વલસાડ જિલ્લામાં વિધાનસભા પ્રમાણે જોઇએ તો ૧૭૮- ધરમપુર વિધાનસભા મત વિસ્તારમાં ૧૧૬૪૬૮ પુરુષ અને ૧૧૬૦૮૭ સ્ત્રીઓ મળી કુલ ૨૩૨૫૬૧ મતદારો, ૧૭૯-વલસાડ વિધાનસભા મતવિસ્તારમાં ૧૨૬૮૪૦ પુરુષ અને ૧૨૨૩૭૦ સ્ત્રીઓ મળી કુલ ૨૪૯૨૧૪ મતદારો, ૧૮૦- પારડીમાં ૧૨૦૧૪૫ પુરુષ અને ૧૦૭૫૧૦ સ્ત્રીઓ મળી કુલ ૨૨૭૬૫૭ મતદારો, ૧૮૧-કપરાડામાં ૧૨૧૪૪૮ પુરુષ અને ૧૧૮૪૫૯ મળી કુલ ૨૩૯૯૧૧ અને ૧૮૨-ઉમરગામ વિસ્તારમાં ૧૩૨૭૯૭ પુરૂષો અને ૧૧૬૪૯૬ મળી કુલ ૨૪૯૨૯૮ સ્ત્રી મતદારો નોંધાયેલા છે. મતદાર યાદીમાં નામ ચકાસવા કચેરીના કામકાજના દિવસોએ હેલ્પલાઈન નં.૧૯૫૦ ઉપર CEO website https://ceo.gujarat.gov.in પરથી, ટોલફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૬૩૨ અને ઓફલાઈન બુથ લેવલ ઓફિસર પાસે, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ, સંબંધિત મતદાર નોંધણી અધિકારીની કચેરીએ અથવા કલેકટર કચેરીની ચૂંટણીશાખા ખાતેથી કરી શકાશે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કે. આર. પટેલે મતદાર સુધારણા અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

પત્રકાર પરિષદ બાદ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર સી.આર.ખરસાણે રાજકીયપક્ષો સાથે પણ બેઠક યોજી મતદાર સુધારણા અંતર્ગત જરૂરી માહિતી પૂરી પાડી હતી. કલેકટરાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ચૂંટણી મામલતદાર કૃતિકા એ. વસાવા સહિત પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા દ્વારા વેપારીઓ પાસેથી ૨૯.૬૧ લાખનો દંડ વસુલ કરાયો

વલસાડ

મદદનીશ નિયંત્રક કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા ઓક્ટોબરથી ડિસેમ્બર-૧૮ દરમિયાન ધી લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ અને ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ અન્વયે વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના કુલ ૩૧૦૦ વેપારી એકમોની ચકાસણી અને મુદ્રાંકનની કામગીરી હાથ ધરી ચકાસણી અને મુદ્રાંકનની રૂા.૨૬,૧૩,૨૯૯/- સરકારી ફી વસુલ કરવામાં આવી છે. જયારે વજનમાપ તથા પીસીઆર કાયદાના ભંગ કરવા બદલ ૧૭૧ વેપારી એકમો સામે પ્રોશીક્યુશન કેસ કરી રૂા.૯૦,૬૦૦ નો દંડ વસુલ કરાયો હતો.

વલસાડની ફ્રેશ એન્ડ ફ્રેશ ધી બેકરી સામે પેકેજડ કોમોડીટી કાયદાના ભંગ બદલ રૂા.૨૫૦૦૦, મુંદરા સ્વીટ એન્ડ ફરસાણ, વી.પી.રોડ વલસાડ અને ચામુંડા સ્વીટ એન્ડ ફરસાણ સામે નક્કી કરેલા જથ્થા કરતાં ઓછી મીઠાઈ આપવા બદલ વજનમાપ કાયદાના ભંગ બદલ રૂા.૩-૩ હજાર, બાલાજી વેફર્સ પ્રા.લી. સામે નમકીન પેકેટમાં જથ્થો ઓછો ભરતી કરવા બદલ પીસીઆર. કાયદા ભંગ માટે રૂા.૧.૫૦ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લામાં કોચવાડા-ખેરગામ રોડ ખાતે આવેલા મે.નિલકંઠ કેલીબ્રેશન સેન્ટરને પેટ્રોલિયમ ટેન્કરોનું કેલીબ્રેશન દુરસ્તીકાર અંગેનો સરકાર માન્ય પરવાનો આપવામાં આવેલો હોવાથી વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં આવેલા ટેન્કરોનું કેલીબ્રેશન પણ ઉક્ત સ્થળે થઈ શકશે, જેની ટેન્કરોના એકમોને નોંધ લેવા જણાવાયું છે.

આ ઉપરાંત ઉક્ત ત્રણ માસ દરમિયાન વલસાડ, વાંકલ, નવસારી, પરીયા અને રોહિણા મળી કુલ પાંચ જેટલી મોબાઈલ કોર્ટનું આયોજન કરી ૧૫૫ વેપારીઓ સામે પ્રોસીક્યુશન કેસ કરી રૂા. ૭૬,૪૦૦ જેટલો દંડ વસુલ કરાયો હોવાનું મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી બી.આર. વિશાણાએ જણાવ્યું છે.

અજાણ્યા મૃતકના વાલીવારસો સંપર્ક કરે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કરમબેલી ને.હા.નં.૪૮ બ્રીજ નીચેથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઉંમર આશરે ૫૦ થી ૫૫ વર્ષ, ઊંચાઈ આશરે ૫.૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો, શરીરે કાળા જેવા રંગનું જેકેટ તથા કમરે રાખોડી કલરનું પેન્ટ પહેર્યું છે. દાઢીમાં સફેદ જેવા વાળ છે અને માથાના આગળના ભાગે ટાલ છે. આ વર્ણનવાળા વ્યક્તિના જો કોઈ વાલીવારસો હોય તો ભીલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

સાચા અર્થમાં અચ્છે દિન લાવનારૂ બજેટ છે : સાંસદ દર્શના જરદોશ

બજેટને સહર્ષ આવકારતા સુરતના સાંસદ

સુરત

નાણામંત્રી પિયુષ ગોયલ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલા અંતરિમ બજેટને આવકારતા સાંસદ દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે આઝાદી બાદ પ્રથમવાર ક્રાંતિકારી રાહતો અને મધ્યમવર્ગના કેન્દ્રીય વિચાર સાથે બજેટને અચ્છે દિનો માટેનું બજેટ સાચા અર્થમાં સબકા સાથ સબકા વિકાસનું બજેટ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે રાષ્ટ્રના વિકાસને સ્થિર ગતિ આપવા માટે ૨૦૧૪માં સરકાર બન્યા બાદ માન. નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્કીલ ઈન્ડિયા ઉપર ભાર મુકીને યુવા ધનને ભવિષ્ય માટે દરેક ફિલ્ડમાં તૈયાર કરવા ત્યારબાદ તેને યોગ્ય વાતાવરણ પુરૂ પાડવા માટે સ્ટેન્ડ અપ સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવા કાર્યક્રમો દ્વારા હકારાત્મક દિશામાં લઈ જવાનો પ્રયાસ કરાયો સાથે સાથે દેશની જનતામાં કર ચૂકવણીની દિશામાં પ્રમાણિકતા અને વિશ્વાસ વધે એવા પ્રયત્નો કરાયા. જેને કારણે એક વિશ્વાસનું વાતાવરણ દેશમાં ઉભું થયું. વર્તમાન બજેટ રાષ્ટ્રની આ જનતાની પ્રમાણિકતાને પ્રોત્સાહનરૂપ તેણે મુકેલા વિશ્વાસને અચ્છે દિનની દિશામાં ઢાળવાનો પ્રયાસ છે.

તેમણે ગત વર્ષોના બજેટને કારણે જે હકારાત્મક પરિવર્તન દેશમાં આવ્યું છે તેનું ઉદાહરણ આપતા જણાવ્યું કે દેશમાં ટેક્ષ કલેકશન ગત વર્ષમાં ૧૨ લાખ કરોડને આંબી ગયું છે. ૮૦ ટકા કરદાતાઓનો વધારો થયો છે કરદાતાઓ ૩.૫૯ કરોડથી વધીને ૬.૮ કરોડ થયા છે. કુલ રીટર્નના ૯૯.૫૪ ટકા ઓનલાઈન ભરાયા છે તેમજ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ૯૯.૯૪ ટકા સ્કુટીની વગર પાસ કરવામાં આવ્યા છે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું યથાવત નવસારી અને વલસાડમાં ૧૧ ડિગ્રી

સુરતમાં તાપમાન એક ડિગ્રી ઘટતા ઠંડીના પ્રમાણમાં વધારો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા બદલવાની સાથે ગીત મંદ પડતા લોકો ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. તાપમાનમાંન જીવો વધારો થયો હોવા છતાં પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીનુ જોર ઘટે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૯.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૯ મલીબાર નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૬ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૭ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે અધિકત્તમ તાપમાનમાં ઘટાડો થતા શહેરીજનોને રાત્રે અને મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

નવસારી હવામાન વિભાગના સૂત્રો મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૧.૫ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ૨ ડિગ્રી તાપમાન વધ્યું છે.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ યથાવત છે. દક્ષિણ ગુજરાતમાં પવનની ગતિ મંદ પડવાની સાથે બેઢી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જે આગામી એક -બે દિવસ બાદ ઓછો થશે. અને તાપમાનમાં વધારો નોંધાશે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જરૂરિયાત સબંધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજ સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડેશબોર્ડ ફોલ્ડર પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

(PLAN - A) બાકીના ૧૬૫૦/- (ઓટો જોડવી કરાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B) લીફ ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ઓટો જોડવી કરાવી) આપની કોડ લીફ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ગુમાવે નો.



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





જે.પી કોલેજના વિદ્યાર્થીઓએ રિસ્પેક્ટ ડેની ઉજવણી કરી હતી



ભરૂચ જે.પી.કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થિઓ દ્વારા કોલેજમાં વિવિધ ડેનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંસ્કૃતિનો વારસો જળવાઇ રહે તે હેતુસર વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિ વર્ષ રિસ્પેક્ટ ડે પણ યોજી ઉજવવામાં આવે છે.

રિસ્પેક્ટ ડે એટલે આદર આપવો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાની સાથે અભ્યાસ કરતા સહાધ્યાયી, વડીલો સહિતના લોકોને આદર આપી માન સન્માનથી આવકારવામાં આવે તે દિવસે દરેક વિદ્યાર્થીઓ એકબીજાને તેમજ વડીલોને આદર અને માન આપી ભારતિય સંસ્કૃતિનું જતન કરે તેવા શુભાશય સાથે આ દિવસને રિસ્પેક્ટ ડે તરીકે ઉજવવામાં આવે છે.

રિસ્પેક્ટ ડે ની ઉજવણી નિમિત્તે ભરૂચ જયેદ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કસક ખાતે આવેલ વડિલોના ઘર ખાતે રહેતા વડીલો સાથે રહી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભજન-સત્સંગના કાર્યક્રમ થકી ઉજવ્યો હતો. કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓ દ્વારા વડિલોને નાસ્તો કરાવી વડિલોનો આદર-સત્કાર કર્યો હતો. પ્રસંગે કોલેજના આચાર્ય,તમામ સ્ટાફ, શિક્ષકા ગણ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થીત રહ્યા હતા.

ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડતી અંકલેશ્વર રૂરલ પોલીસ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક ભરૂચ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.ના આ.હે.કો રણજીતભાઇ ચતુરભાઇ બ.નં ૭૬૮ નાઓની બાતમી આધારે ઇદ્રીશ ઉર્ફે મામુ ઉર્ફે લૈયો મનુખા શેખ રહે પ્રતિષ્ઠા રેસીડન્સી નવજીવન હોટલ પાસે કાપોદ્રા નાઓનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો એક ભુરા કલરના ટાટા ૪૦૭ ફોરવ્હીલ નંબર વગરના ટેમ્પામાં કવરીંગ તરીકે શેરડીની બાંડી રાખી સુરત તરફથી ભરુચ તરફ જવાનો છે. જે બાતમી આધારે પોલીસ સ્ટાફના માણસો સાથે પી.આઇ કંપની પાસે વોચમા હતા.દરમ્યાન સુરત તરફથી બાતમીમા જણાંવેલ વર્ણનવાળો ટેમ્પો આવતા તેને સાઇડ ઉપર કરાવી ટેમ્પાના ડ્રાઇવરનુ નામઠામ પુછતા ઇમરાન ઇ/૦ રવીઉલ્લા ચતુરઅલી ખાન હાલ રહે. મકાન નંબર ૩૧૭, પ્રતિષ્ઠા રેસીડન્સી, નવજીવન હોટલની બાજુમાં, ને.હા.નં ૪૮, તા.અંકલેશ્વર, જી.ભરૂચ મુળ રહે ગામ સલેમપુર પો.કઠોન, થાના કઠોન તા.રુરાજૈતિઆ જી.જાલૌન (ઉત્તરપ્રદેશ)ના હોવાનુ જણાવેલ જે ટેમ્પામાં તપાસ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂ રોયલ જનરલ રીસર્વ વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની બોટલો નંગ-૧૭૪૦ કિંમત રૂ. ૧,૯૧,૪૦૦/- તથા આરોપીની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ નંગ-૧ કિ.રૂ.૧,૦૦૦/- તથા ટાટા ટેમ્પો કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા ટેમ્પામાંથી મળેલ આર.સી.બુક કિ.રૂ ૦૦/- મળી કુલ કિ.રૂ. ૩,૪૨,૪૦૦/- નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અંક્લેશ્વર તાલુકાના જુના છાપરા ગામની સીમમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ નો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દારૂ તેમજ જુગારની પ્રવૃતિ નેસ્તનાબુંદ કરવા સુચના મળેલ જે અનુંસધાને એલ.સી.બી ના પો.સ.ઇ વાય.જી.ગઢવી તેમજ ટીમના પોલીસ માણસો પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો. મેહુલભાઇ જશવંતભાઇને બાતમી હકીકત મળેલ કે અંક્લેશ્વર તાલુકાના જુના છાપરા ગામની સીમમાં કાસ?યા ગામના બુટલેગર કરણ ઉર્ફે સહદેવ જેશીંગભાઇ વસાવા નાએ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડેલ છે અને સગેવગે કરવાની તૈયારી મા છે જે મળેલ બાતમી આધારે પ્રોહી.ગુના અંગે રેડ કરતા કરણ વસાવા તથા તેની સાથેના બીજા બે ઇસમો દારૂ સગે વગે કરવા લઇ આવેલ એકટીવા મુકી નાસી ગયેલ અને સ્થળ ઉપર થી ભારતીય બનવાટના: વિદેશી દારૂ તથા બીયરની અલગ અલગ બ્રાંડની કુલ પેટીઓ નંગ ૪૪ જેમાં ભરેલ કુલ બોટલ નંગ-૯૯૬ જેની કિં.રૂ.૦૧,૪૬,૪૦૦/- તથા એકટીવા સ્કુટર સહીત કુલ કી.રૂ. ૦૧,૮૬,૪૦૦/- નો કબ્જે કરી બુટલેગર કરણ ઉર્ફે સહદેવ જેશીંગભાઇ વસાવા તથા તેની સાથેના બે ઇસમોને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરૂધ્ધ અંક્લેશ્વર શહેર પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી મેળો ખુલ્લો મુકતા મંત્રી કિશોર કાનાણી

યુવાનોમાં વિવિધ પ્રકારની સ્કિલ વિકસે એ માટે ફિનિશિંગ સ્કૂલ શરૂ કરવામાં આવી છે : આરોગ્યમંત્રી

સુરત

રાજયના યુવાનોને રોજગાર મેફાના માધ્યમથી ઘર આંગણે રોજગારી પુરી પાડવાના રાજય સરકારના અવિરત પ્રયાસોના ભાગરૂપે દ.ગુ. યુનિવર્સિટી કન્વેશન હોલ ખાતે આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોર કાનાણીના હસ્તે ત્રિદિવસીય પ્લેસમેન્ટ મેફાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા અગ્રણી કંપનીઓ અને વિવિધ વિદ્યાશાખામાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વચ્ચે કડીરૂપ બનવા માટે ''મેગા પ્લેસમેન્ટ કેમ્પ''નું આયોજન સમગ્ર દેશના રાજયો પૈકી ગુજરાતમાં પ્રથમવાર કરવામાં આવ્યું છે. રાજયમાં વિવિધ કંપનીઓમાં કુલ ૭૦,૦૦૦ જગ્યાઓ ખાલી છે, એમ જણાવતાં શ્રી કાનાણીએ કહ્યું કે, આ ખાલી જગ્યાઓમાં માત્ર ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે.

શ્રી કાનાણીએ યુવાનોને સારી કારકીર્દિનું ઘડતર કરવા માટે સ્માર્ટ ફોનની જેમ સ્માર્ટ બનવાની શીખ આપતા કહ્યું કે, રાજય સરકાર દ્વારા કોલેજમાં અભ્યાસ કરતાં યુવાનોમાં વિવિધ પ્રકારની સ્કિલ વિકસે એ માટે ફિનિશીંગ સ્કુલ શરૂ કરવામાં આવી છે. જેમાં ૪૦-૪૦ વિદ્યાર્થીઓના બેચમાં વિવિધ પ્રકારની ટ્રેનિંગો આપવાની પહેલ કર આવી છે. રોજગારીની તકો પ્રાપ્ત થાય તેના ભાગરૂપે વિદ્યાર્થીઓ સારી રીતે ઈન્ટવ્યું આપી શકે અને યોગ્ય જગ્યાએ નોકરી પ્રાપ્ત કરી શકે તે માટે વ્રજ્ઞ, અમદાવાદ તરફથી દરેક કોલેજોમાં ટ્રેઈનરો મોકલીને યોગ્ય તાલીમ આપવામાં આવી રહી છે. આ ત્રિવસીય કારકીર્દિ મેફામાં સારી કંપનીઓને સક્ષમ યુવાન કર્મચારીઓ મફી રહેશે. આ કેમ્પની ફલશ્રુતિરૂપ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક સુષુપ્ત શક્તિઓથી કંપનીઓ પોતાની ઉત્પાદન ક્ષમતામાં અનેકગણો વધારો કરી શકશે અને વિદ્યાર્થીઓ ઉજજવફ કારકિર્દી તરફ ડગ માંડી શકશે એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ મેફામાં ૬૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૧૯ કંપનીઓમાં ઈન્ટરવ્યું આપ્યા હતા. જેમા વિજ્ઞાન, કોમ્પુટર, શિક્ષણ અને હોમ સાયન્સના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મંત્રીશ્રી તથા કુલપતિ શિવેન્દ્ર ગુપ્તાના હસ્તે ઈન્ટરવ્યુમાં સફફ થનાર વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ઓર્ડર એનાયત કરાયા હતા.

તા.૦૨જીના રોજ આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓ સહિત ૨૧૭૫ રોજગાર વાંચ્છુઓ ભાગ લેશે. જેમાં ૯૧ કંપનીઓ હાજર રહેશે.

તા.૪થી એન્જીનીયરીગ, ડીગ્રી, ડીપ્લોમાં તેમજ લો ના ૧૪૩૧ વિદ્યાર્થીઓ હાજર રહેશે. જેમાં અંદાજે ૧૧૯ કંપનીઓ ભાગ લેશે. જેથી તા.૨ અને તા.૪થીએ સરકારી અને અનુદાનીત કોલેજોના છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ રજીસ્ટર્ડ કરાવેલ છે તેમણે અચૂક હાજર રહેવું અને જેઓ હજુ પણ ભાગ લેવા ઈચ્છતા હોય તેઓ યુનિવર્સિટી ખાતે હાજર રહી તત્કાલ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે.

નર્મદા જિલ્લાાં બે પરિણીતાઓએ ઝેરી દવા ગટગટાવી મોત વ્હાલું કર્યું

રાજપીપળા : નર્મદા જિલ્લામાં બે અલગ અલગ બનાવોમાં બે પરિણીતાઓએ ઝેરી દવા પિતા સારવાર દરમિયાન બંનેના મોત નિપજયા હતા જેમાં પ્રથમ બનાવમાં ડેડીયાપાડા તાલુકાના પાનખલાની અને વાઘઉમર ગામમાં પરણાવેલી આંબીબેન હરીસીંગભાઇ વસાવા એ ગત તારીખ ૧૬ જાન્યુઆરી એ પોતાની સાસરી વાઘઉમર ખાતે તેના પતિ હરિસિંગ પુનિયાભાઈ વસાવા ના કાયમી માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા પી લેતા એને તાત્કાલિક સુરત નવી સિવિલ ખાતે સારવાર અર્થે લઈ જવાઈ હતી જયાં સારવાર દરમિયાન ૧લી ફેબ્રુઆરી એ તેનું મોત થયું હતું ત્યારે ડેડીયાપાડા પોલીસે મૃતકને પતિએ ત્રાસ આપી મરવા માટે મજબુર કરી એ બાબતનો પતિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે જ્યારે બીજા બનાવમાં મોવી ગામની અનસોયાબેન દિલીપભાઈ વસાવા એ જાતે કોઈ અગમ્ય કારણોસર ૧ ફેબ્રુઆરી એ ઝેરી દવા પી લેતા તાત્કાલિક રાજપીપળા સિવિલ બાદ વડોદરા એસએસજી માં દાખલ કરી હોય જયાં સારવાર દરમિયાન બીજા દિવસે તેનું પણ મોત નિપજતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે આમ નર્મદા જિલ્લામાં બે મહિલાઓના ઝેરી દવા પિતા મોત થયા હતા.

ડેડીયાપાડાના પાનખલાની વાઘઉમર ખાતે પરણાવેલી આંબીબેને પતિના ત્રાસ ના કારણે ઝેરી દવા પીતા મોત, બીજા બનાવમાં મોવી ગામે અગમ્ય કારણોસર અનસોયાબેને ઝેરી દવા પીતા મોત

કુંભારીયા દવાખાના દ્વારા આયુર્વેદીક રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

આયુર્વેદિક કેમ્પમાં ૨૨૦ દર્દીઓએ લાભ લીધો

સુરત

સુરત જિલ્લા પંચાયત આયુર્વેદિક શાખાના કુંભારિયા આયુર્વેદિક દવાખાનાના મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈ પટેલ અને કેવલ પાર્ક યુવા ગ્રુપ સંયુકત ઉપક્રમે કેવલ પાર્કસોસાયટીના પ્રાંગણમાં વિનામૂલ્યે આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૦ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં સ્વાઈન ફલુ, ચિકનગુનિયા, ખાંસી, શરદી રોગ પ્રતિરોધક આયુર્વેદ ઉકાફા વિતરણ અને વનૌષધિ પ્રદશર્નનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો શુભારંભ શ્રી સ્વામિનારાયણ મંદિર –સિલ્વર ચોકના શ્રી હરિકૃષ્ણ સ્વામી અને અન્ય સંતોના કરકમલો દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. આ વેફાએ સરકારી આયુર્વેદિક દવાખાનું, કટવાના મેડીકલ ઓફિસર ડો.કિશોરભાઈ સતાણી, આયુર્વેદ દવાખાનું ઓલપાડના ડો.વૈશાલીબેન પટેલ અને સોસાયટીના આગેવાનો, ચતુરભાઈ ભૂવા, દિલીપભાઈ, વિનુભાઈ, ચંદુભાઈ, વિજયભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈ પટેલે આયુર્વેદનું મહત્વ સમજાવી રોજબરોજના જીવનમાં કાયમી સ્વસ્થ રહેવા માટે રસોડુ આપણુ દવાખાનું છે. તેના દ્વારા રોગમુકત કેવી રીતે રહી શકાય તેની વિગતો આપી હતી.

કેમ્પમાં એક હજારથી વધુ લોકોને આયુર્વેદિક ઉકાફાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દવા વિતરણની ઉત્કૃષ્ટ કામગીરી ફાર્માસિસ્ટ તડવીભાઈ અને શીતલબેન પટેલે નિભાવી હતી.

સરીગામથી સામંતભાઈ ગુમ થયો છે

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ, જી.આઈ.ડી.સી., એસ.એસ.જી. યાર્નસ પ્રા. લી. કંપનીમાં રહેતા તેમજ મૂળ અંબિકા સોસા., સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલીના સામંતભાઈ તા.૧૮/૧/૧૯ના રોજ બપોરે ૧-૨૦ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર જતો રહ્યો છે. ગુમ થનારની ઉંમર ૨૨ વર્ષ, ઊંચાઈ પાંચ ફૂટ, રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો, શરીરે પીળા કેસરી કલરના ટુંકા બાંયવાળું શર્ટ તથા કમરે બ્લ્યુ કલરની જીન્સપેન્ટ પહેરી છે. જે હિન્દી તથા ગુજરાતી ભાષા જાણે છે.

નાંદોદના રસેલા પાટિયા પાસે ટ્રકની અડફટે મોતને ભેટેલા અજાણ્યા વ્યક્તિની ઓળખ થાય તો રાજપીપળા પોલીસનો સંપર્ક કરવો

રાજપીપલા પોલીસ સ્ટેશનની હદમાં એક રાહદારી અજાણ્યા વ્યક્તિનું મોત ઉ.વ.આશરે ૪૫ જેનું નામ ઠામ જણાઈ આવેલ નથી તેણે શરીરે આછા લીલા કલરનુ સફેદ તથા ઉભા પટ્ટા વાળુ આખી બાયનુ શર્ટ તથા રાખોડી કલરનુ સ્વેટર પહેરેલ છે. તથા કમરે રાખોડી કલરનુ પેન્ટ પહેરેલ છે.અને ઉચાઈ આશરે પાંચ ફૂટની છે. શરીરે મધ્યમ બાધાનો રંગે ઘઉ વર્ણનો તા.૦૧/૦૨/૦૧૯ ના કલાક ૨૨/૦૦ વાગે મોજે રાજપીપલા થી પોઈચા જતા રોડ ઉપર રસેલા ગામના પાટીયા પાસે અજાણ્યા ટૂક ચાલકે પોતાની ટૂક પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મરણ જનાર એક અજાણ્યા રાહદારી પુરૂષને પાછળના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી સ્થળ ઉપર મોત નિપજાવેલ હોય અને આજુ બાજુના વિસ્તારમાં વારસોની શોધખોળ કરતા મળી આવેલ નથી અને માટે મરણ જનારના વાલી વારસોની માહિતી મળે તો રાજપીપળા પોલીસનો સંપર્ક કરી જાણ કરવી તેમ પોલીસ સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.





ભરૂચની પૂર્વ પટ્ટીના ગ્રામ્ય વિસ્તારના લોકો દ્વારા માં નર્મદા બચાવો ઝુંબેશ રેલીનું યોજી





નર્મદા નદીનો જળ પ્રવાહ ઘટતા લોકોની ધાર્મિક લાગણી દુભાવા સાથે માછીમારોના અસ્તીત્વ જોખમાવા સાથેસાથે મા નર્મદામાં વસવાટ કરતા જળચર જીવો પણ મોતને ભેટતા, માં નર્મદાને જીવંત રાખવા ડેમમાંથી પાણી છોડવાની માંગ સાથે માં નર્મદા બચાવો ઝુંબેશ રેલી યોજી ભરૂચ સમાહર્તાને પાણી છોડવાની માંગ સાથે આવેદન સાથે ચૂંદડી તથા શ્રીફળ અર્પણ કર્યું હતું.

ભરૂચના શક્તિનાથ સર્કલ પરથી નર્મદે હરના નારા સાથે નીકળેલ આ રેલીમાં ભરૂચના પૂર્વ પટ્ટી પર વસેલા અંગારેશ્વર, ઝનોર, શુકલતીર્થ, કદોડ વિગેરે ગામના લોકો, સંત મહંત સહિત વિવિધ ભજન મંડળી જોડાઈ હતી. રેલીમાં નાવડીનો રથ બનાવી તેમાં સંતોને બેસાડી ભજન કિર્તન સાથે નીકળેલ વિશાળ રેલી લોકાર્ષણનું કેન્દ્ર બની હતી.

આગામી ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નર્મદા જયંતિ આવી રહી હોવાના કારણે નર્મદા નદીમાં પાણી ન હોવાના કારણે ખોડલધામ અંગારેશ્વરના ટ્રસ્ટી મહેશ પરમાર અને કિનારા વિસ્તારમાં વસતા ખેડૂતો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી સરદાર સરોવરથી દહેજ નર્મદા સંગમ સ્થાન સુધી નર્મદા નદીમાં નીર વહેતા રહે તે અંગે ભરૂચ જિલ્લા સમાહર્તાને રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર નર્મદા જયંતિની દર વર્ષે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. નર્મદા જયંતિ નિમિત્તે નર્મદાને ધાર્મિક પ્રથા તેમજ આસ્થા મુજબ ૩૦૦ મીટરની ચૂંદડી વર્ષોથી અર્પણ કરાઈ છે. છેલ્લા પાંચ વર્ષોથી સરદાર સરોવરમાંથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ના છોડવાના કારણે તેમજ નર્મદા નદી સુકી ભઠ્ઠ થવાના કારણે નર્મદા નદીને ચૂંદડી અર્પણ નથી કરી શકતા અને નદીનું દહેજ નજીકના જાગેશ્વર પાસે સમુદ્ર સાથેનું સંગમ સ્થાન આવેલુ છે જયાં નર્મદા પરીક્રમાવાસીઓ શ્રધ્ધાપૂર્વક પૂજા અર્ચના કરી પરીક્રમા આગળ વધારે છે તે સંગમ સ્થાનનું અસ્તિ સરદાર સરોવરમાંથી નદીમાં પાણી ન છોડવાના કારણે રહેવા પામ્યું નથી. જેના કારણે ધર્મપ્રેમી લોકોની ધાર્મિક આસ્થાને ભારે ઠેસ પહોંચી છે. નર્મદા નદીને સરદાર સરોવરથી નીચાણમાં આવેલા વિસ્તારોમાં નર્મદાને કાયમ માટે વહેતી કરવા માટે માંગણી કરી છે. શહેરની ઓળખ નર્મદા નદીમાં પાણી ન છોડવાના કારણે નામશેષ ઠવાના આરે છે નદી સાથે ઉંડી આસ્થા સાથ જોડાયેલા લોકોની લાગણી દુભાઈ રહી છે.

પૂર્વ પટ્ટી કિનારા વિસ્તારના ગામડાઓમાં નર્મદા નદી ભઠ્ઠ બનતાં જંગલ વિસ્તારના દીપડા, બુટડા જેવા હિંસક પ્રાણીઓ નદીમાં પ્રયાણ કરી પ્રવેશ કરે છે અને ગ્રામજનો તેમજ પશુધન ઉપર તેઓએ હુમલા કર્યાના ઘણા બનાવો બન્યા છે. જંગલી પ્રાણીઓના હિંસક અને જાનલેવા હુમલાના ભયના ઓથાર હેઠળ લોકો જીવી રહ્યા છે. નદીમાં પાણીના અભાવે માછીમારો પાયમાલ અને બેરોજગાર બની ગયા છે.

જળચર પ્રાણીઓ નદીમાં પાણી ન હોવાના કારણે નાશ પામવાથી પર્યાવરણને પણ મોટુ નુકસાન થયેલ છે.

નર્મદા નદીમાં પાણી ન હોવાના કારણે સદીઓ પુરાણી પરંપરા મુજબ ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નર્મદા નદીને ૩૦૦ મીટર સાડી ચુંદડી ઓઢાડવા માટે નદીમાં પાણી છોડવા માટે કલેકટરને આવેદનપત્ર પાઠવી નદીમાં પાણી છોડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

કરેલા ગામ ખાતે જમીન ગુમાવનાર ખેડૂતોની માર્ગદર્શન સંમેલન યોજાશે

ભરૂચ જિલ્લાના ખેડૂતોના વણઉકેલ્યા પ્રશ્નોના ઉકેલ માટે અને યોગ્ય માર્ગદર્શન માટે ખેડૂત સંમેલન (સભાનું) આયોજન કરવામાં આવેલ છે. ૪ ફેબ્રુઆરીના રોજ ભરૂચ જિલ્લાના કારેલા ખાતે સોમવારના રોજ બપોરના ૩ કલાકે સંમેલન યોજાશે. સંમેલનમાં જિલ્લાના તેમજ રાજયના ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહેશે.

વડોદરા મુંબઈ એક્સપ્રેસ હાઈવેમાં જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડીતોને હાઈકોર્ટના ચુકાદા અને આદેશ મુજબની ચુકવણીની માંગણી માટે બજાર કિંમત કરતા ચાકગણી રકમ ચુકવવા અને કાયદાની સવલતો મળે એનો અમલ જલ્દીથી થાય. નવેસરથી તાત્કાલિક એવોર્ડ જાહેર થાય તેમજ નવા એવોર્ડ પ્રમાણેનું ચુકવણું થાય. બુલેટ ટ્રેન માટે જમીન ગુમાવનાર ખેડૂતો, મકાન મિલકત ગુમાવનાર લોકોને બુલેટ ટ્રેન પ્રોજેક્ટથી મોટુ નુકસાન થવાનું છે ત્યારે ૨૦૧૩ના જમીન સંપાદનધારા મુજબ ખેડૂતોને વળતર મળે એવી માંગ બુલંદ કરવા માટે, ભરૂચ, આમોદ, વાગરા, જંબુસર તાલુકાના ૨૭૮ ગામોની ૧,૬૬,૦૦૦ હેકટર જમીન જે નર્મદા સિંચાઈ યોજનાના કાર્ય વિસ્તારમાં આવે છે. તેને પુરેપુરા કાર્ય વિસ્તારમાં બારેમાસ ખેતીની સિંચાઈ માટે પાણી મળી રહે વગેરે પ્રશ્નો અંગે સંમેલનમાં ચર્ચા કરવામાં આવશે. સંમેલનમાં રાજયના ખેડૂત આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

જંબુસરમાં અજમેરી નગરીમાંથી તીન પત્તીનો જુગાર રમતા પાંચ જુગારીયાઓને ઝડપી પાડતી ભરૂચ એલસીબી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાઓ તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એસ.ચૌહાણ તથા એલ.સી.બી. ની ટીમ જંબુસર પો.સ્ટે વિસ્તાર મા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના આ.પો.કો મહીપાલસિંહને મળેલ બાતમી આધારે જંબુસરમા અજમેરી નગરીમાંથી જુગારધારાનો કેસ શોધી કાઢી પાંચ આરોપીઓને પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીઓના નામ- (૧) ઈલ્યાસ ઉર્ફે ઈલુ યાકુબ ઈબ્રાહીમ પટેલ રહે. જંબુસર અમનપાર્ક સોસાયટી તા.જંબુસર જી.ભરૂચ(૨) સીરાજ ઉર્ફે ભુરીયો જહીરૂદ્દીન સૈયદ રહે. '-બુસર કસ્બા એસ.ટી.ડેપો પાછળ તા.જંબુસર જી.ભરૂચ(૩) ઈમરાન યુસુફ અહેમદ પટેલ રહે.નુરાની સોસાયટી મકાન નં ૩૫ એસ.ટી.ડેપો પાસે જંબુસર જી.ભરૂચ(૪) રમેશ ઉર્ફે તેતર મેલાભાઈ ઠાકોર રહે. અણખી ભાગોળ ભાથીજી મંદીર પાસે જંબુસર જી.ભરૂચ(૫) મહમંદ સલીમ ઉરે સાગવાન ગુલામ મહમંદ હસુ મલેક રહે. મદીના મસ્જીદ પાછળ તલાવપુરા જંબુસર જી.ભરૂચ

જપ્ત કરેલ મુદ્દામાલ

(૧) અંગ ઝડતીના રોકડા રૂ ૨૦,૨૦૦/- (૨) દાવ ઉપરના રોકડા રૂપીયા ૫૦૫૦/- (૩) મોબાઈલ નંગ-૩ કિં રૂ ૧૫૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂ ૨૬,૭૫૦/- નો મુદ્દામાલ

ઈંગ્લીશ દારૂનો રૂ.૧,૨૪,૮૦૦/- તથા મારૂતી કાર કિ.રૂ ૫૦,૦૦૦/- ની સાથે કુલ રૂ.૧,૭૪,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ગણનાપાત્ર કેશ શોધી કાઢતી આમોદ પોલીસ

પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી તરફથી જીલ્લાની પ્રોહી જુગારની અસામાજીક પ્રવૃત્તી ચલાવતા ઈસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની સુચના આધારે નાયબ પોલીસ અધિક્ષક અશોકસિંહ ગોહિલ જંબુસર વિભાગ, જંબુસરનાઓની માર્ગદર્શન મુજબ કે.એ.ચૌધરી પો.સબ.ઈન્સ આમોદ પોલીસ સ્ટેશનનાઓની બાતમી આધારે કુરચણ ગામે નવીનગરીમાં સોયબ આદમ ભુત વોરા પટેલ ના ઘર આગળ પાર્ક કરેલ એક મારૂતી ૮૦૦ કારમાં પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂના બોક્ષ નંગ ૨૬ માં પાઉચ નંગ કુલ ૧૨૪૮ કુલ કિ.રૂ ૧,૨૪,૮૦૦/- નો ઈંગ્લીશ દારૂ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે બહારના રાજ્યમાંથી વેચાણ કરવાના ઈરાદે મંગાવી મારૂતી ૮૦૦ નંબર ૬-૦૫-૮૦-૬૧૧૫ ની અંદર રાખી મારૂતી ૮૦૦ કિ.રૂ ૫૦,૦૦૦/- ની મત્તાની સાથે કુલ કિંરૂ. ૧,૭૪,૮૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી સોયબ આદમ ભુતવો.પટેલનાઓ પકડાઇ જઈ તેમજ આરોપી મોઇન યુનુસ દિવાન નાઓએ નાશી જઈ ગુનો કરતા બંન્ને આરોપીઓ વિરુધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫એઇ,૮૧, ૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.







